Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

459

# आत्मानन्द प्रकाश.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय--
पदार्थ परिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १२ ] वीर संवत २४४०, कार्तिक, आत्म संवत् १९. [ अंक ४ थो.

ॐ

## अभिनव वर्षाभिनंदन.

### મહાશય—પાલક અને પોષક-પ્રતિ—

(ગીતિ)

આનંદ દાઇ આજે, પ્રાતઃ સમયનીં પ્રભા પૂર્ણ પ્રસરી;
જન મન રંજન દીસે, ઇચ્છિત અર્થે ઇષ્ટ દેવ સમરી. ૧

નૂતન વર્ષારંભે, અભિનંદન હું આપુ અન્તરથી;
શાલ મુબારક સાથે, દિનકર સમ ચઢતી હો તન ધનથી. ૨

વિક્રમાબ્દ ૧૯૭૧
વર્ષારંભ-પ્રતિપદા
ભાવનગર.

શ્રી જૈન આત્માનંદ સભા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધન અને ધનિક.

2847 (હરીગિત.)

ધન મળ્યું ઉદ્યમથી ભલે કે પૂર્વ પુણ્ય ઉપાર્જને, સુખ પ્રાપ્તિ વૈભવ માટે તે છો વાપર્યું તન પોષણે;
પરહિત વિચાર્યું નહીં ના કાન દીધો કો ક્ષણે, ધિક્કાર છે એ ધન અને એ ધન તણા ધરનારને.
મોટાં મહાલય છો ચણાવ્યાં વિત્ત એમાં વાપરી, નિજ સ્વાર્થ માટે છો બધી અલકાપુરી ઉભી કરી;
નિજ જ્ઞાતિને કે દેશને આવ્યું ન ખપ એ કો ક્ષણે, ધિક્કાર તો એ ધન અને એ ધનતણા ધરનારને.
આડંબરે જ્ઞાતિ જમાડી વિત્ત જળ સમ વાપરી, ધાંધલ મચાવ્યું છો જગે પોલા ચલિત યશને વરી;
આપી નહીં પણ પાઈ એકે રંક કે નરનારને, ધિક્કાર છે એ ધન અને એ ધનતણા ધરનારને.
રાજી કર્યાં છો રેમ રાખી 'હાજી! હા!' કરનારને, વ્હાલા ગણી છો વિત્ત દીધું 'વાહ! વા!' કરનારને;
અંધી અવિદ્યા ટાળવા નવ વાપર્યો ભંડારને, ધિક્કાર છે એ ધન અને એ ધન તણા ધરનારને.
પર ધન થકી કીર્ત્તિ મળે એવા પ્રયત્નો આદર્યા, નિજ ધન તણા પર હિત માટે માર્ગ ના ખુલ્લા કર્યા;
નિંદ્યા મદાંધ બની અને જન હિતના કરનારને, ધિક્કાર છે એ ધન અને એ ધન તણા ધરનારને.
પર હિત માટે માર્ગ જેણે દ્રવ્યથી ખુલ્લા કર્યા, વળી ટાળવા અજ્ઞાન જેણે સુલભ રસ્તા આદર્યા;
સાંખી શકયા ના કીર્ત્તિ તેની વૃથા ખોયો ભારને, ધિક્કાર છે એ ધન અને એ ધનતણા ધરનારને.
વિદ્યા તણી વૃદ્ધિ તણા સૌ સાધકોના પંથમાં, બની વિઘ્ન સંતોષી વધાર્યાં વિઘ્ન ધનથી ખંતમાં;
ભારે વૃથા મારી અરે જે વિત્તથી જાણનારને, ધિક્કાર છે એ ધન અને એ ધન તણા ધરનારને.
ઉદય તણા કરનારને વળી કોમના આધાર જે, સ્વાતંત્ર્ય સહ નીતિ ભર્યાં સદ્ધર્મ હિત વિચારજે;
દાબી દીધા નિજ દ્રવ્ય જોરે સુખદ એ સુવિચારને, ધિક્કાર છે એ ધન અને એ ધનતણા ધરનારને.
શુભ ધર્મ કાર્યો છો કર્યાં નિજ આત્મ હિત માટે બહુ, પણ લોકના કલ્યાણનું જો કાર્ય એકે ના થયું;
કદી કાન જો ના આપીઓ દીન અરજના કરનારને, ધિક્કાર છે એ ધન અને એ ધનતણા ધરનારને.
અજ્ઞાન તિમિર અભ્રથી નિજ જ્ઞાતિ ઢંકાઈ ગઈ, તે ટાળવા લઘુ બાળકો ઉત્તેજવા મતિ ના થઈ;
હિત દેશનું ના સાંપડયું કદી સ્વપ્નમાંય ગમારને, ધિક્કાર છે એ ધન અને એ ધનતણા ધરનારને.

ભાવનગર.
જૈન બોર્ડીંગ. } શાહ પોપટલાલ પુંજાભાઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂર્વકાલના જૈનાચાર્યો.

( लेखक—मुनिराजश्री जिनविजयजी—म्हेसाणा. )

**જૈન ધર્મના બે વિભાગો-તેમની જાહોજલાલી.**

ચિર કાલથી મહાન્ જૈન ધર્મ શ્વેતામ્બર અને દિગંબર એવા બે પ્રચંડ વિભાગોમાં વ્હેંચાઇ ગએલ છે. ઇતિહાસના મધ્ય કાલમાં બન્ને પક્ષો પૂર્ણ ઉન્નતાવસ્થામાં હતા. શ્વેતાંબરોનો વિશેષ પ્રચાર જ્યારે ગુજરાત, કાઠિયાવાડ અને રાજપૂતાના વિગેરે પ્રદેશમાં હતો, ત્યારે દિગંબરોનું દક્ષિણ, કર્ણાટક, અને તેલંગ વિગેરે દક્ષિણ ભારતના પ્રદેશોમાં અધિક બલ હતું. બન્ને ફિરકાના પ્રચંડ પ્રતાપથી જૈનધર્મ આખા ભારતવર્ષને પૂર્ણ રૂપમાં પ્રકાશી રહ્યો હતો. તે વખતે જૈન ધર્મ એ અમુક વાણીઆઓનો ધર્મ છે એમ નહોતું મનાતું, પરંતુ તે એક રાષ્ટ્રીય ધર્મના નામે ઓળખાતો હતો. સામાન્ય મનુષ્યોથી માંડી મ્હોટા મ્હોટા ધનાઢયો, રાજ્યાધિકારીઓ અને પ્રતાપી રાજા મહારાજાઓ સુધાં એ પવિત્ર ધર્મની ધ્વજા નીચે ઉભા રહેતા હતા. જૈન ધર્મ તે વખતે મધ્યાનકાળના સૂર્યની માફક દીપી રહ્યો હતો. અન્યધર્મી એના તેજથી અંજાઇ જઈ મંદ મંદ પણે પોતાના ક્ષીણ તેજને ફેલાવતા હતા. એ જાહોજલાલી અને ઉન્નતિ તે વખતના, તેના પ્રબલ પ્રવર્તકો અને પ્રચારકોને આભારી છે. કોઇપણ ધર્મ, સમાજ યા સોસાયટીની ઉન્નતિ અવનતિ તેના પોતાના કારણે નથી થતી પરંતુ તેના સંચાલકોના આચાર વિચારના આધારે થાય છે. જો સંચાલકો–પ્રવર્તકો–પ્રચારકો વિશુદ્ધ આચાર વિચારવાળા હોય છે તો તે સંસ્થાની ઉન્નતિ થાય છે અને મલીન આચાર વિચાર વાલા હોય છે તો અવનતિ થાય છે. બૌદ્ધ ધર્મ જે વખતે હિન્દુસ્થાનમાં અગ્રગણ્ય હતો તે વખતે કાંઈ તેના તત્વો ઘણા દૃઢ નહીં હતા અને જે વખતે તેનો લોપ થયો તે વખતે તેના તત્વોમાં કાંઈ શિથિલતા નહોતી આવી ગઇ. પરંતુ તેના પ્રવર્તકોના પ્રબલ પુરૂષાર્થને લીધે તે મહત્તાની ટોચે ચઢયો હતો, તેમજ જ્યારે પ્રવર્તકોમાંથી ઉન્નતિકારક ગુણો નિકળી, સ્વાર્થપરતા, ધર્મદ્રોહતા વિગેરે અત્યાચારોએ પ્રવેશ કર્યો ત્યારે તેને પોતાની જન્મભૂમિમાંથી સદાને માટે વિદાયગિરી લેવી પડી. આજ પ્રમાણે જૈનધર્મ પણ તે વખતે જે ઉન્નતિના શિખરે પહોંચ્યો હતો. તેનું કારણ ફક્ત પ્રચારકોનો પ્રબલ પુરૂષાર્થ જ છે. તે સમયના સુસાધુઓ પોતના જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયની સંભાળ રાખવામાં પૂર્ણ સાવધાન હતા. સાધુ–જીવનની શી શી જવાબદારીઓ છે, તે સારી પેઠે સમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જતા હતા. ધર્મના પ્રચારને માટે ભારતવર્ષના આ છેડાથી તે પેલા છેડા સુધી કોઈ પણ પ્રકારના પ્રતિબંધ રહિત વિચરતા હતા. અમુક ઉપાશ્રય અને અમુક શેઠિઆઓના ગુરૂઓ તરીકે ઓળખાતા ન હોતા પરંતુ સર્વસંગના ત્યાગી થઇ દુનિયામાં ફરતા હતા. કોઇપણ પ્રકારના સ્વાર્થ વગર, કેવળ જગત્‌ના ભલાને માટેજ તેમનું પાવન જીવન અર્પાયલું હતું. જગત્‌ના ઉપર કોઇપણ જાતનો ભાર નહી ન્હાંખી ફક્ત પોતાના બલેજ, વિદ્યાભ્યાસ કરતા હતા. દેશ દેશાંતરોમાં ફરી, અનેક કષ્ટો વેઠી, પોતાના જ્ઞાનની, બુદ્ધિની અને ચાતુર્યની વૃદ્ધિ કરતા હતા. જગત્‌ને સન્માર્ગમાં જાલાવવા માટે ઉપદેશકપણાનો ઝુંડો હાથમાં લઇ, ધર્મ, જાતિ કે સમુદાયના ભેદ ભાવ રહિત સર્વત્ર સદ્બોધ આપતા હતા. લાખો મનુષ્યોને, સદાચારથી ભ્રષ્ટ થતા અટકાવી, જીંદગીના ઉંડા રહસ્યો સમઝાવી, તેમનું જીવન સફળ કરાવતા હતા. નીતિનો સદુપદેશ આપી, પ્રજાને પોતાના કર્તવ્યોનું ભાન કરાવતા હતા. આખી દુનિયાને શાંતિના શીતળ સરોવરમાં સ્નાન કરાવી આંતર્ અને બાહ્ય મેલથી મુક્ત થવા માટે—' **सर्वेऽपि सन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः सर्वे भद्राणि पश्यंतु मा कश्चिद्दुःखमाचरेत् ॥** ' એ મહામંત્રનો પાઠ નિરંતર સંભળાવતા હતા. મનુષ્ય જાતનું ભલું કરવામાં તત્પર રહેતા હતા, એમાંતો આશ્ચર્યજ શું, પરંતુ પશુગણનું પણ હિત કરવામાં તેઓએ જીવનો આપી દીધા છે. ધર્મનું ઉત્કર્ષ અને મહાત્મ્ય વધારવા માટે, પ્રતિપક્ષીઓ સામે ટટાર થઈ ઉભા રહેતા હતા અને નીતિપૂર્વક શાસ્ત્રાર્થો,-વાદવિવાદો કરી વિપક્ષીઓનો મદ ઊતરતા હતા. અનેક રાજા મહારાજાઓને સદુપદેશ આપી, જગત્‌માંથી હિંસા—રાક્ષસીનો નાશ કરાવતા હતા અને સકલ પ્રાણી ગણને અભયદાન અપાવતા હતા. દેશની પ્રજાના દુઃખો દૂર કરાવતા હતા. એતો બધું તે મહાત્માઓનું કર્મયોગ કેવો હતો તે જણાવવા માટે કહ્યું. હવે તેમના જ્ઞાન યોગની પણ થોડી તપાસ કરીએ.

તે વખતના સાધુઓ મહા વિદ્વાન હતા. સ્વધર્મ તથા પરધર્મના સકળ સિદ્ધાંતોમાં પારંગત હતા. કેવળ ધાર્મિક જ્ઞાનમાં જ કુશળ હતા એમ નથી. પરંતુ વ્યાવહારિક જ્ઞાનમાં પણ તેઓ તેટલાજ ઉત્તીર્ણ હતા. વિદ્યાના કોઇ પણ વિષયમાં તેમની અસ્ખલિત ગતિ હતી. પોતાના જ્ઞાનનો લાભ ભવિષ્યની પ્રજાને પણ મળે તેટલા માટે, તથા સાહિત્યની સમૃદ્ધિની માટે, તેમણે હજારો ગ્રંથો લખ્યા છે. ન્યાય, વ્યાકરણ, કાવ્ય, કોષ, અલંકાર, જ્યોતિષ, વૈદક, શિલ્પ અને નીતિમાંથી કોઈ પણ વિષય એવો નથી કે જેમાં તેમની ગતિ ન હોય અથવા તે વિષયમાં તેમણે કાંઇ લખ્યું નહીં હોય!! કેવળ વિદ્વાનોનાજ ઉપયોગમાં આવે તેવાજ ગ્રંથો રચ્યા છે તેમ નહીં પરંતુ જડ બુદ્ધિવાળા સાધારણ માણસો, બાળકો અને સ્રીઓ પણ સમજી શકે અને સાર ગ્રહણ કરી શકે તેટલા માટે, તે તે વખતની પ્રચલિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશ ભાષાઓમાં, સરલ અને સુબોધ રચનામય, કથાઓ, વ્યાખ્યાનો, ઉપદેશો, અને નીતિના નિબંધો લખ્યા છે!

પ્રસંગવશથી પૂર્વકાલીન જૈન સાધુઓના પુરૂષાર્થના ફળરૂપ જૈન સાહિત્ય સંબંધી, બે વાતો કહેવાનું મન થાય છે તેથી વાચકોને કંટાળો તો નહીંજ આવે. આગળ એવા સાધનો નહોતા કે જેથી દરેક મનુષ્ય એ જાણી શકે કે દુનિયાના કયા કયા ધર્મોનું, કયી કયી જાતીઓનું, સાહિત્યભંડોળ કેટલું અને કેવા મહત્ત્વવાળું છે. પરંતુ આધુનિક વૈજ્ઞાનિક કાળના પ્રતાપે એ મુશ્કેલી દૂર થઇ છે. અને અનેક વિદ્વાનોના મહત પરિશ્રમથી દરેક જિજ્ઞાસુ એ વિષયની પોતાની આકાંક્ષા પૂરી કરી શકે છે. શોધખોળના આધારે આપણે કહી શકીએ છીએ કે—**ભારતવર્ષના ભાષા સાહિત્યના ભવ્ય ભંડારને ભરપૂર કરવા માટે જેટલો ભાગ ભાગ્યશાળી જૈન ભિક્ષુઓએ ભજવ્યો છે, તેટલો બીજો કોઇ ધર્મવાળાએ નથી ભજવ્યો!!!** આ વચન, સ્વધર્મના અનુરાગના લીધે કહેવામાં આવે છે એમ માનવાનું કારણ નથી, તેમજ અતિશયોક્તિરૂપે પણ નથી, પરંતુ યથાર્થ વસ્તુ સ્થિતિના લીધે જ એમ કહેવામાં આવે છે. જો ભારતીય ભાષાના સાહિત્ય ભંડોળમાંથી જૈન વાઙ્મય જુદું કાઢી લેવામાં આવે તો ભારતનું સાહિત્ય–સાગર ઘણું જ સૂકાઈ ગયેલ લાગશે. જૈનોએ બ્રાહ્મણ વિદ્વાનોની માફક ફક્ત એકલી સંસ્કૃત ગિરાને જ પોષી છે તેમ નથી પરંતુ દેશ ભાષાઓને પણ તેમણે ઘણી પુષ્ટ કરી છે. કેટલીક ભાષાઓ તો ખાસ જૈનોના પ્રતાપે જ સજીવન રહી છે. એમ કહીએ તો પણ અત્યુક્તિ નથી. એના ઉદાહરણમાં, આપણે પ્રાકૃત અને કર્ણાટક (કનડી) ભાષાઓના નામ લઇશું. પ્રાકૃત–માગધી શૌરસેની અપભ્રંશ વિગેરે પુરાતન ભાષા કે જે એક સમયે હિન્દુસ્થાનના કેટલાક પ્રદેશોમાં પ્રજાની મુખ્ય ભાષા હતી. પ્રજા પોતાનો સમગ્ર વ્યવહાર એજ ભાષાથી ચલાવતી હતી. એ ભાષામાં લખાયેલું સાહિત્ય જો આજે આપણે જોવા જઇશું. તો ફક્ત જૈનોને ત્યાંજ મળશે. જૈનોએ એની અંદર, પોતાના પવિત્ર ધર્મગ્રંથો (આગમો)થી માંડી ન્યાય, વ્યાકરણ, કાવ્ય, કોષ વિગેરે કઠીનમાં કઠીન વિષયથી લઇ કથા, આખ્યાયિકા, ઉપદેશ જેવાં સરલ પદાર્થો સુધીના બધા વિષયો ઉપર એક, બે કે દશ, વીશ નહીં પરંતુ હજારો ગ્રંથો અને લાખો શ્લોકો લખ્યા છે! કાળના કુટિલ પ્રહારથી જો કે ઘણા ગ્રંથો નષ્ટ થઇ ગયા છે, પરંતુ જેટલા વિદ્યમાન છે, તેટલા પણ કાંઇ ઓછી સંખ્યાવાળા નથી. જ્યારે એક તરફ અમુક સંખ્યાવાળા જૈનોનો પ્રબલ પુરૂષાર્થ આટલા વિશાળ ફળ રૂપમાં ઉપસ્થિત છે, ત્યારે બીજી બાજુ કરોડોની ગણતરીમાં ગણાવાવાળા હીંદુઓ તરફથી ફક્ત **ગૌડવહો** જેવા એક બે કાવ્યો કે, કેટલાક સંસ્કૃત નાટકોમાં છૂટા છૂટા અને ટુંકા ટુંકા વાક્યો શિવાય, એ વૃદ્ધ–માતૃભાષામાં કશું લખાયલું નથી મળતું!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રાહ્મણ પંડિતોની, આવા પ્રકારની–પ્રાકૃત ભાષા તરફની–ઉપેક્ષા, અને સંસ્કૃત ઉપરની અનહદ પ્રીતિ; એ ભારતવર્ષના પુરાતત્ત્વ પ્રેમીઓને બહુ ખટકે છે. કારણ કે, સંસ્કૃત ભાષા તે ફકત વિદ્વાનોના મનને જ તુષ્ટ કરવાવાળી છે. તે સદાથી વિદ્વાનોની વચ્ચેજ બોલાતી હતી. કોઇપિણ સમયે તે પ્રજાની સર્વ સાધારણ ભાષા તરીકે ભાષા થઇ નથી. આમ હોવાથી તેની અંદર જે કાંઈ ગુંથવામાં આવેલું છે તે ફકત સંસ્કૃત–મનુષ્યોનો જ અનુભવ છે, સામાન્ય પ્રજાનો નથી. સામાન્ય પ્રજાના અનુભવના અભાવે, તે વખતની રાષ્ટ્રીય પરિસ્થિતિ કેવા પ્રકારની હતી એ આપણે નથી જાણી શકતા. અમુક માણસોના આચાર વિચાર ઉપરથી સમગ્ર પ્રજાના આચારો વિચારો જાણી નથી શકાતા. પ્રજાના જીવનની રેખાઓ જોવા માટે પ્રજાની ભાષામાં જ લખાયેલા વિચારો હોય તો તે ઉપયોગી થાય. આજ કારણથી આજે ભારતવર્ષના યથાર્થ ઇતિહાસની ન્યૂનતા આપણને વારંવાર મુંઝાવણમાં નાંખે છે. એટલી પણ સદ્ભાગ્યની વાત છે કે, જૈન સાધુઓની પરોપકારવૃત્તિ,–તેમનો પરિશ્રમ, એ વિષયમાં કાંઇક આશ્વાસન આપે છે. પ્રાકૃત ભાષામાં લખેલા તેમના અગણિત ગ્રંથો, એ તરફ ઘણો પ્રકાશ પાડે તેમ છે. યદ્યપિ, હજીલગી જેવી જોઇએ તેવી, જૈન–પ્રાકૃત–સાહિત્યની, આલોચના પ્રત્યાલોચના, વિદ્વત્સમાજમાં વિશેષ પ્રકારે થઇ નથી, પરંતુ ભવિષ્યમાં એ તરફ અધિક પ્રવૃત્તિ થાય, એવી આશા, ઉદાર વિચારવાળા અને ઉત્સાહી એવા દેશી તેમજ વિદેશી વિદ્વાનોની, તે તરફ જતી, મંદ પરંતુ આદર યુકત દૃષ્ટિથી રાખી શકાય છે. જ્યારે જૈન પ્રાકૃત-સાહિત્યનું અવલોકન વિશાળરૂપમાં થશે, તેની અંદર રહેલા અનેક ગૂઢ રહસ્યો પ્રકટ થશે, ત્યારે, આપણા ઇતિહાસની આરસી ઉપર ઓરજ જાતનો પ્રકાશ આવશે.

પુરાતની પ્રાકૃતની જ પુત્રી, આપણી માતૃ–ભાષા, ગુર્જરગિરાનું કલેવર જૈનોથી કેટલું પોષાણું છે, તે વાત ' ગુજરાતી સાહિત્ય પરિષદ્ ' ના પ્રતાપે તથા બીજા પણ આપણા ઉદારાશય વિદ્વાનોના સુપ્રયાસથી, બધાની જાણમાં આવી જ ગઇ છે, તેથી તેના વિષયમાં વિશેષ કાંઇ કહેવું તે પીષ્ટપેષણ જેવું હોવાથી, એટલું જ કહેવું બસ થશે કે, **ગુજરાતી ભાષાને જન્મથી પાળી પોષીને મ્હોટી જૈનોએ જ કરી છે !**

દક્ષિણ ભારતની મુખ્ય ભાષા જે કર્ણાટકી ( કનડી ) છે, તે પણ ગુજરાતીની માફક જૈનો ( દિગંબર સંપ્રદાય ) થીજ વધારે પોષાણી છે, એમ આપણે નામદાર મદ્રાસ ગવર્મેંટ વિગેરે તરફથી થયેલી શોધખોળના પરિણામે કહી શકીએ છીએ. એ ભાષાની અંદર જૈનોએ વિદ્યાને લગતા બધા વિષયો ઉપર સંખ્યાબંધ પુસ્તકો લખ્યા છે. ન્યાય, વ્યાકરણ, કાવ્ય, કોષ, સાહિત્ય વિગેરેના અનેક ગ્રંથો લખી એના શરીરને ખૂબ પરિપુષ્ટ કર્યું છે. કનડી સાહિત્યનો અભ્યાસ કરવા માટે જેટલા સાધનો વિદ્યમાન છે, તેમાંથી ઘણો ભાગ જૈનોની માલિકીનો જ છે. ' કર્ણાટક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કવિચરિત ' નામના પુસ્તક ઉપરથી, કર્ણાટક જૈન કવિઓનો પરિચય અને સામર્થ્ય સારી પેઠે જણાઇ આવે છે.

આ સિવાય સમગ્ર સંસારમાં સર્વ શ્રેષ્ઠ સર્વાંગ સુંદર ભાષા કે જે શ્રીમતી ભગવતી સંસ્કૃત–સ્વરૂપિણી છે. જેની અંદર આર્યોની અનંત જ્ઞાનરાસી રહેલી છે. તેની વૃદ્ધિ અને વિસ્તૃતિ માટે પણ જૈનોએ અત્યંત અગત્યતા ભજવી છે. જે વિષય તરફ જુઓ, તેમાં દરેકમાં એક બે નહીં પણ ઢેરના ઢેર પુસ્તકો, જૈનોના લખેલા મળશે. અનેક આચાર્યોએ, અનેક દૃષ્ટિથી, એકેક વિષય પરત્વે, અનેક ગ્રંથો લખી, સંસ્કૃત–સાહિત્યની અપૂર્વ સેવા બજાવી છે. સામાન્ય રીતે પાશ્ચાત્ય વિદ્વાનોના, સંસ્કૃત લેખકો તરફ વારંવાર એવા કટાક્ષો થયાં જ કરે છે કે, તેમણે ઇતિહાસ તરફ બહુજ બેદરકારી બતાવી છે;–સંસ્કૃત સાહિત્યની અંદર ઐતિહાસિક સામગ્રીનો અભાવ છે. પરંતુ જૈનો તો એ વિષયમાં પણ ચુપ નથી રહ્યાં ! એમાં પણ થોડો ઘણો ફાળો અવશ્ય આપ્યો છે જ !! સહુ કોઈ જાણે છે કે; ગુજરાતના પુરાતન ઇતિહાસની સામગ્રી જૈનોએ જ પૂરી પાડી છે. જૈનોના લખેલા ગ્રંથો,લેખો અને નોંધો ઉપરથી જ ગુજરાતનો પુરાણ ઇતિહાસ ઉભો કરવામાં આવ્યો છે. ' રાસમાળા ' વિગેરે ગ્રંથોના જોવાથી એ વાત સત્ય જણાય છે. ' પ્રબંધચિંતામણી ' ' કુમારપાલ ચરિત ' ' દ્વાશ્રય મહાકાવ્ય ' વિગેરે ગ્રંથો એના પ્રમાણરૂપે છે. કેવળ ગુજરાતના જ ઇતિહાસમાં મદદરૂપે એ ગ્રંથો છે એમ નહિ પરંતુ ગુજરાતના બહારના, રજપૂતાના વિગેરે પ્રદેશોની હકીકત પણ એ ગ્રંથોમાં કેટલીક સમાયલી છે. બીજા કોઈપણ ઐતિહાસિક ગ્રંથો કરતાં, એ ગ્રંથો વિશેષ વિશ્વસનીય માનવામાં આવે છે. એ ગ્રંથો સિવાય બીજા પણ છુટા લેખો, ગ્રંથપ્રશસ્તિઓ, પ્રતિમાઓ ઉપરની કુટકર નોંધો અને શિલાલેખો વિગેરે અનેક ઐતિહાસિક સાધનો, જૈનોનાં પુસ્તક–ભંડારો તેમજ દેવાલયોમાં દબાયલા પડયા છે કે, જ્યારે તેઓ પ્રસિદ્ધિમાં આવશે, ત્યારે નવીનજ પ્રકાશ પડશે. **કર્નલ ટોડ સાહેબે** એક સ્થાને લખ્યું છે કે, " **જ્યારે જૈન ધર્મવાળાઓની સંપૂર્ણ ઐતિહાસિક નોંધો બહાર પડશે, ત્યારે ભારતવર્ષના ઇતિહાસની એક મહાન્ ત્રૂટી દૂર થશે.** "

પૂર્વકાળના સાધુઓ કેવળ વ્યાકરણ, ન્યાય ગોખનારા જ નહોતા, પરંતુ વ્યાવહારિક વિદ્યાઓમાં પણ પૂર્ણ કુશળ હતા, એમ આપણે તેમણે રચેલા નીતિમય અને ઉપદેશમય પુસ્તકોદ્વારા જાણી શકીએ છીએ. એ આશ્ચર્યકારક વાત સાંભળી કયો જૈન ખૂશી નહીં થાય ? અને પોતાના પૂર્વના ધર્મગુરૂઓની જ્ઞાનશક્તિ ઉપર મગરૂર નહીં થાય કે,—પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે જેની કથાઓનો અને સદુપદેશોનો પ્રચાર દુનિયાની ઘણીખરી ભૂમિ અને ભાષામાં થયેલો છે. એવો; સંસ્કૃત–સાહિત્યનું એક અનમોલ રત્ન કે જે '**पंचतंत्र**' ના નામથી પ્રસિદ્ધ છે, તે પણ જૈનોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ સંપત્તિ છે! જે રૂપમાં હાલ એ ગ્રંથ વિદ્યમાન છે, તે રૂપ આપનાર પૂર્ણભદ્ર નામના એક જૈનાચાર્ય જ છે!! *

પરોપકારી અને વિદ્યા–પ્રેમી પૂર્વના જૈન સાધુઓ પોતાની જ્ઞાનજ્યોતિથી સ્વભુવન જ પ્રકાશિત કર્યું છે તેમ નથી, પરંતુ પરધર્મીઓની કૃતિઓને પણ પ્રકાશમાં આણી છે. જૈન શિવાયના હિંદુ અને બૌદ્ધધર્મીઓના રચેલા, અનેક ગ્રંથો ઉપર પણ તેમણે ટીકા–ટીપ્પણ વિગેરે લખેલા છે! અપ્રસિદ્ધ ગ્રંથો ઉપર વિવેચનો કરી પ્રસિદ્ધિમાં આણ્યા છે. આવા પ્રકારની પ્રસંશનીય પ્રવૃત્તિથી તેમની કીર્ત્તિમાં ઓર વધારો થાયછે. આવી ઉદાર વૃત્તિથી તેમની પરોપકાર પરાયણતા સ્પષ્ટપણે જણાઇ આવે છે.

પાઠકો! આ વિષયમાં કરેલા આટલા લાંબા વિવેચનથી ત્હમે જાણી શકશો કે, પૂર્વકાળના મહાન્ જૈન સાધુઓ કેવા પુરૂષાર્થવાળા, પરોપકાર વૃત્તિવાળા, મહાન્ સામર્થ્યવાળા અને પૂર્ણ વિદ્યા–વ્યસની હતા. તેમની જ્ઞાનશક્તિ અપૂર્વ હતી. ચારિત્રબળ અધિક હતું. સત્ય–શ્રદ્ધા પૂર્ણ હતી. એવા એવા ઉત્તમ ગુણોને લીધે, જગત્ ઉપર તેમની છાપ સજ્જડ પડતી હતી. તેમનો ઉપદેશ વધારે અસર કરતો હતો. તેમનું વચન સર્વમાન્ય ગણાતું હતું. એજ કારણથી જૈનધર્મ તે સમયે વિશેષ ઉન્નતિપર હતો. સમાજ–વ્યવસ્થા સુસ્થિત હતી. પારસ્પરિક કલેશો અલ્પ હતા. સંઘ–શક્તિ પ્રબળ હતી. સિદ્ધસેન દિવાકર, હરિભદ્રસૂરિ, વાદી દેવસૂરિ, બન્ને હેમચંદ્રસૂરિ, મલયગિરિસૂરિ, મુનિ સુંદરસૂરિ, હીરવિજયસૂરિ, વિજયસેનસૂરિ, યશોવિજયોપાધ્યાય, વિનયવિજયોપાધ્યાય અને જિનચંદ્ર, જિનદત્તસૂરિ વિગેરે અનેક જૈનાચાર્યોના આદર્શ જીવનચરિત્રો ઉપરથી એ ઉપર કહેલી પૂર્વકાલીન જૈનધર્મની જાહોજલાલીનો ખ્યાલ સારી પેઠે આવે છે. એમનો પુરૂષાર્થ સાચી સાધુતાનું સ્મરણ કરાવે છે. આવા મહાત્માઓના પ્રતાપે જ, પ્રતિપક્ષીઓના પ્રચંડ પ્રહારોની સામે, જૈનધર્મ જગત્‌માં ટકી રહ્યો છે.

---

* થોડા સમય ઉપર જોન્સ હર્ટલ નામના એક યુરોપીય વિદ્વાને એ અપૂર્વ શોધ કરી, બધા વિદ્વાનોને ચકિત કરી મૂકયા હતા. હાલમાં જ એ વિદ્વાનનો 'પંચતંત્ર' સંબંધી એક વિશેષ લેખ કલકત્તાના સુપ્રસિદ્ધ 'મૉર્ડન રીવ્યુ' નામક અંગ્રેજી માસિકના અગષ્ટ માસના અંકમાં આવેલ છે કે જે વિદ્વાનો–સાહિત્ય શોખીનોને ખાસ અવલોકવા લાયક છે— લેખક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પંન્યાસજી શ્રીમદ્ દાનવિજયજી મહારાજનું

# વ્યાખ્યાન ૪ થું.

( ગતાંક પૃષ્ટ ૭૫ થી શરૂ. )

## ગૃહસ્થ ધર્મનું વિશેષ સ્વરૂપ.

**શ્રીમાન્ ગાયકવાડ સરકાર મહારાજા !**

આપની ધર્મવિષયક શ્રવણાભિલાષા થવાથી પ્રથમ દેવ ગુરૂ અને ધર્મના સંબંધે બે અક્ષરો કહીને બતાવ્યા, પછી પરમદેવનું, સ્વરૂપ ત્યારબાદ ગુરૂ ધર્મનો આચાર અને ગૃહસ્થ ધર્મના આચારનું કિંચિત્ સામાન્ય સ્વરૂપ કહ્યું. હવે તેનું જ કિંચિત્ વિશેષથી સ્વરૂપ કહી બતાવું છું.

## ॥ मंगलाचरणं ॥

**पुण्यपापविनिर्मुक्तं, रागद्वेषविवर्जितं ।**
**श्री अर्हद्भ्यो नमस्कारः कर्त्तव्यः शिवमिच्छता ॥१॥**

**અર્થ**—જે પુણ્ય પાપે કરીને રહિત છે. તેમજ રાગદ્વેષથી પણ રહિત છે, તેવા શ્રી અર્હત્ ભગવાનને મોક્ષની ઇચ્છાવાળા પુરૂષે નમસ્કાર કરવો. ॥ ૧ ॥

## અનર્થ દંડરૂપ આઠમા ગુણવ્રતનું સ્વરૂપ.

સાતમા ગુણવ્રતમાં ભોગાદિક વસ્તુઓના નિયમનું વર્ણન કર્યું હતું તે ઇચ્છિત વસ્તુઓ મળ્યા પછી તેનો વિયોગ થતાં અને અનિષ્ટ વસ્તુઓનો સંયોગ થતાં અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પો ઉઠાવવા તેમજ શત્રુઓનો નાશાદિકના સંબંધે, જીવહિંસાના સંબંધે, જૂઠના સંબંધે, ચોરી આદિ અનેક પ્રકારના સંબંધે અનેક પ્રકારનાં જૂઠા સાચા વિચાર બાંધી આપણા આત્માને ફોગટ ફસાવવો તેમજ સ્વાભાવિક ગતિવાળાં ગાય ઘોડાદિકને વિના પ્રયોજને પ્રહારાદિકથી દુઃખી કરવાં. આ બધા પ્રકારોને અનર્થ દંડરૂપે ગણેલા છે.

## એ અનર્થ દંડરૂપ આઠમું ગુણવ્રત કહ્યું.

અહીં સુધી પાંચ અણુવ્રત અને ત્રણ ગુણવ્રત કહ્યાં. હવે આગળ ચાર શિક્ષાવ્રત કહે છે. તાત્પર્ય–પૂર્વના વ્રતોને પુષ્ટિ મળવી એજ છે.

## નવમા સામાયિક વ્રતનું સ્વરૂપ.

હવે નવમું વ્રત એ છે કે આઠમા વ્રતમાં કહેલા અનેક પ્રકારના તેમજ વ્યાપારાદિકના અનેક પ્રકારના વિકલ્પોને તેમજ રાગદ્વેષાદિકને ઘટાડીને બે ઘડી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકાંત સ્થળમાં બેસીને જ્ઞાન ધ્યાનાદિકના અભ્યાસને વધારી આત્માને શાંત પમાડે તેને સામાયિક વ્રતના નામથી કહેલું છે. એનો અર્થ એ છે કે આત્માને સ્વગુણનો લાભ એ નવમું વ્રત કહ્યું.

## દશમું શિક્ષાવ્રત કહે છે.

પ્રથમ છઠ્ઠા ગુણવ્રતમાં ઉર્ધ્વ, અધો અને તીર્છી દિશાઓમાં ગમનાદિકનું પ્રમાણ જીવતાં સુધીનું કર્યું હતું, તે સ્વાભાવિક રીતે દરેક વ્રતને માટે વધારે રાખેલું હોય છે તે પ્રમાણે દરરોજ કરવાની જરૂર પડે નહિ તેથી ચતુર્માસાદિકમાં મરજી પ્રમાણે ઘટાડી પાલન કરે. કારણ કે ઓછું કરે તેટલો ઓછો વિકલ્પ થાય માટે આ શિક્ષાને પણ ધારણ કરે. આ વ્રતનું નામ દેશાવગાસિક આપેલું છે.

## અગ્યારમા શિક્ષાવ્રતનું સ્વરૂપ.

અષ્ટમી, ચતુર્દશી આદિ ધર્મના મુખ્ય દિવસોમાં આહારાદિકને ત્યાગે અથવા એકાદ વખત સૂક્ષ્મ ભોજન કરે પણ સ્ત્રી સેવન તેમજ વ્યાપારાદિક કાર્યનો ત્યાગ કરીને આખો દિવસ જ્ઞાન ધ્યાનાદિકમાં જ રહીને ધર્મની જ પુષ્ટિ કરે તેથી એ વ્રતનું નામ પૌષધવ્રત આપેલું છે.

## બારમા શિક્ષાવ્રતનું સ્વરૂપ.

અગીયારમા વ્રતમાં આખો દિવસ ધર્મ સ્થાનાદિકમાં ભોજન વ્યાપારાદિક વિના જ્ઞાન ધ્યાનાદિકમાં વ્યતીત કર્યો તેના બીજા દિવસે આપણા વાસ્તે જે ભોજનાદિક તૈયાર થયેલું હોય તેમાંથી કોઇ મહાત્મા નિસ્પૃહી હોય તેમને મોટા આદરથી ઘેર તેડી લાવીને ઘણાં આનંદ પૂર્વક ભોજન આપે તે પછીજ પોતે ભોજન કરે. કદાચ તેવા મહાત્માઓ તે શહેરમાં વિદ્યમાન ન હોય તો આપણી સાથમાં જે સાધારણ પુરૂષોએ જ્ઞાન ધ્યાનાદિકમાં વખત વ્યતીત કર્યો હોય તેમાંથી પણ જેટલી મરજી હોય તેટલા પુરૂષોને આપણા ઘેર બોલાવીને ભોજન કરાવે અને આપણા વ્રતને સાર્થક કરે તેથી આ વ્રતને અતિથિ સંવિભાગ નામથી કહેલું છે.

આ ધર્મના બાર વિભાગ ગૃહસ્થના માટે ટુંકમાં કહી બતાવ્યા.

ઉપર બતાવેલાં સાધુનાં પાંચ મહાવ્રતાદિક અને ગૃહસ્થના માટે પાંચ અણુવ્રતાદિક બાર વિભાગ જે સંક્ષિપ્તથી બતાવ્યા તેથી પણ સૂક્ષ્મ વિચાર યુકત મોટા દરજાથી પરમદેવ થવાવાળા પુરૂષો પૂર્વના ભવોમાં ગૃહસ્થ હોય તે વખતે ગૃહસ્થના ધર્મનું પાલન કરે અને પછીથી સર્વ રિદ્ધિને છોડીને સાધુપણું અંગીકાર કરી સાધુના ધર્મને પણ અતિ સૂક્ષ્મપણે પાલન કરી પરમદેવની પદવી યોગ્ય પુણ્ય ઉપાર્જન કરી પછી પરમદેવની પદવીને પ્રાપ્ત થઈ બીજા જીવોના ઉપકાર માટે ધર્મની પ્રવૃત્તિનો ઉપદેશ આપી અંતે મોક્ષમાં પ્રાપ્ત થાય છે અને ફરીથી આ દુનિયાના જન્મમરણાદિક સંકટોમાં આવતાજ નથી. તેથી જ આ સર્વ કર્ત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યોને કરવાની આવશ્યકતા છે કે જેથી આપણા જીવોને પણ ફરીથી સંસારના જન્મમરણમાં પડવું પડે નહિ. આ સામાન્યપણે સાધુ ધર્મના તેમજ ગૃહસ્થ ધર્મનાં કર્તવ્યોનો સાર કહીને બતાવ્યો. બાકી આ વિષયના ગ્રંથો જૈન શાસનમાં ઘણા રચાયેલા છે. તે જોવાથીજ વિશેષ ખાત્રી થાય પણ લખીને કે કહીને ટુંક વખતમાં બતાવી શકાય નહિ. એટલું કહીને આ વિષયની સમાપ્તિ કરૂં છું.

આજ સુધીના વ્યાખ્યાનોમાં દેવ, ગુરૂ અને ધર્મના સ્વરૂપની સાથે ગુરૂધર્મના તેમજ ગૃહસ્થધર્મના કર્તવ્યોનું સ્વરૂપ કિંચિત્ માત્ર કહી બતાવ્યું. પરંતુ તે ગૃહસ્થધર્મના અધિકારીઓ થયા વિના તાદૃશફળની પ્રાપ્તિ થવાનો સંભવ નથી. જેમકે આંબાનો મહોર કોયલના કંઠનેજ ઉઘાડવાવાળો થાય છે, પણ કાગડાના કંઠને ઉઘાડવા સમર્થ થતો નથી. વળી જુઓ કે ચંદ્રમાના કિરણો ચંદ્રકાંત મણિનેજ દ્રવીભૂત કરવાને સમર્થ થાય છે પણ બીજા પથરાઓને દ્રવિભૂત કરવાને સમર્થ થતાં નથી. તેજ પ્રમાણે આગળ કહેવામાં આવતી નીતિઓની સંભાળ કર્યા વિના ગૃહસ્થધર્મમાં અનેક પ્રકારની સ્ખલના થવાનો સંભવ છે. વાસ્તે તે કર્તવ્યોનું સ્વરૂપ પાંત્રીસ ગુણથી શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે શ્રી કુમારપાળ મહારાજાને કહીને બતાવેલું તેનો કિંચિત્ સાર કહીએ છીએ. તથાહિ.

## પાંત્રીસ ગુણનાં નામ નીચે પ્રમાણે.

૧ ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરવું.

૨ સારા પુરૂષના આચારની પ્રશંસા કરવી.

૩ કુળ અને શીળથી સદૃશ અન્ય ગોત્રીઓની સાથે લગ્ન કરવું.

૪ પાપથી ભય રાખવો.

૫ પ્રસિદ્ધ દેશાચારને અંગીકાર કરવો

૬ કોઇના અવર્ણવાદ બોલવા નહીં તેમાં પણ રાજાદિકના વિશેષે કરી અવર્ણવાદ બોલવા નહિ.

૭ અતિ ગુપ્ત તથા અતિ પ્રગટ નહિ તથા સારા પાડોશી યુકત સ્થાનમાં રહેવું

૮ સારા આચારવાળા સાથે સંબંધ કરવો

૯ માતા પિતાદિકની સેવા કરવી.

૧૦ ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો

૧૧ નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ નહિ કરવી.

૧૨ આવકના પ્રમાણમાં ખર્ચ કરવો.

૧૩ લક્ષ્મીને અનુસારે વેષ ધારણ કરવો.

૧૪ બુદ્ધિના આઠ ગુણો મેળવવા.

૧૫ નિરંતર ધર્મ શ્રવણ કરવું.

૧૬ અજીર્ણ હોય ત્યાં સુધી ભોજન નહિ કરવું.

૧૭ હમેશાં વખત પ્રમાણે પથ્યાપથ્યનો વિચાર કરી ભોજન કરવું.

૧૮ પરસ્પર વિરોધ ન આવે તેમ ધર્મ અર્થ અને કામ એ ત્રણ વર્ગનું સાધન કરવું.

૧૯ અતિથિ, દીન પુરૂષોનો યોગ્યતા પ્રમાણે સત્કાર કરવો.

૨૦ કોઇપણ વાતમાં કદાગ્રહ નહિ કરવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૧ ગુણીજનોનો પક્ષપાત કરવો.
૨૨ દેશ તથા કાલવિરૂદ્ધ આચારનો ત્યાગ કરવો.
૨૩ કાર્યના પ્રારંભમાં પોતાના બલા બલને જાણવું.
૨૪ જ્ઞાનાદિક ગુણોએ કરીને વૃદ્ધ પુરૂષો હોય તેમની સેવા કરવી.
૨૫ પોષણ કરવા યોગ્ય જનોનું પોષણ કરવું.
૨૬ દરેક કાર્યમાં પૂર્વાપરનો વિચાર કરવો.
૨૭ વિશેષ પ્રકારે જાણવું.
૨૮ કરેલા ગુણને જાણવો.
૨૯ લોકની પ્રીતિ મેળવવી.
૩૦ લોકલજ્જાને ધારણ કરવી.
૩૧ દયા રાખવી.
૩૨ શાંત પ્રકૃતિ ધારણ કરવી.
૩૩ પરોપકારમાં શૂરવીર થવું.
૩૪ કામ ક્રોધાદિક છ શત્રુઓને જીતવા.
૩૫ ઈંદ્રિયોને વશ રાખવી.

૧ પહેલા ગુણમાં ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરવાનું કહ્યું તો તે ન્યાય કોનો કહેવો તેનું કિંચિત્ સ્વરૂપ—

દ્વેષાદિકથી માલિકના કાર્યમાં નુકશાન પહોંચાડવું નહીં. તેમજ મિત્રોના કાર્યમાં પણ નુકશાન પહોંચાડવું નહીં. વિશ્વાસુઓને ઠગવા નહીં, ચોરીના માલને ગ્રહણ કરવો નહી, સર્વ પ્રકારના વ્યાપારમાં ન્યાય પૂર્વક વર્ત્તવું. લાંચ ખાવી નહીં. સામા ધણીને છેતરીને વ્યાજ પણ વધારે લેવું નહીં. માત્ર આપણી આપણી જાતિને અનુસરી ન્યાય પૂર્વકજ ધન ઉપાર્જન કરવું—એવું ન્યાય પૂર્વક ધન ઉપાર્જન કરેલું હોય તોજ સુખેથી ભોગવી શકાય બાકી અન્યાયનું ધનતો દુઃખદાઇજ થઇ પડે— એમ શ્રી જીનમંડનગણી મહારાજે પણ કહેલું છે.

॥ अन्यायोपात्तवित्तेन यो हितं हि समीहते ॥
जक्षणात्कालकूटस्य सोऽजिवांछति जीवितुं ॥ १ ॥

અર્થ—જે પુરૂષ અન્યાયથી મેળવેલા ધને કરી પોતાના હિતની ઈચ્છા રાખે છે તે પુરૂષ ઝેર ખાઇને જીવવાની ઇચ્છા રાખવા જેવું કરે છે.

વળી ન્યાયથી ધન ઉપાર્જન કરી ભોગ કરનારની ઉત્તરોત્તર પણ શુદ્ધિ થતી જાય છે, કહ્યું છે કે.

ववहारशुद्धी धम्मस्स मूलं सव्वन्नु जासए
ववहारेण तु सुध्देणं अत्थशुध्दी जओ जवे ॥ १ ॥
सुध्देणं चेव अत्थेणं आहारो होइ सुध्दओ
आहारेणं तु सुद्धेणं देहसुद्धी जओ जवे ॥ २ ॥

ભાવાર્થ—ગૃહસ્થોના માટે ધર્મનું મૂળ વ્યવહારની શુદ્ધિજ સર્વજ્ઞ પુરૂષોએ કહેલી છે. ( તેથી—વ્યાપાર કરતાં ઓછુ આપવું. વધારે લેવું. માપાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણુથી ઓછાં વતાં રાખવાં. સારો માલ બતાવી ખરાબ માલ આપવો. નબળા માલની સાથે સારો માલ મેળવી પૈસા સારા માલના લેવા વિગેરે અન્યાય ન કરવો )કારણ વ્યવહાર શુદ્ધ હોય તેનું ધન પણ શુદ્ધ હોય છે–અને જેનું ધન શુદ્ધ હોય તેનો આહાર પણ શુદ્ધ હોય તેવા આહારની શુદ્ધિથી દેહ પણ શુદ્ધ હોય. પછી તે પુરૂષ ધર્મને યોગ્ય થાય. કહ્યું છે. કે

॥ सुध्देणं चेव देहेणं धम्मजुग्गो य जायइ ॥
जं जं कुणइ किच्चंनु तंतं से सफलं जवे ॥ १ ॥

**અર્થ**—જેમકે સ્નાન કર્યા પછી અલંકારને યોગ્ય થાય તેમ દેહની શુદ્ધિ થયા પછી ધર્મરૂપ રત્નના અલંકારને યોગ્ય થયા. પછી ધર્મનાં જે જે કાર્ય કરે તે તે બધાં સફલજ થાય અને છેવટ સ્વર્ગ મોક્ષના ફલનો ભોક્તા પણ અવશ્ય થાયજ. પણ વિપરીતપણે સુખની પ્રાપ્તિ ન થાય. કહ્યું છે કે.

अन्नहा अफलो होइ जं जं किच्चं तु सा करे
ववहार सुद्धी रहिओ य धम्मं खिंसावए जओ ॥ १ ॥

**અર્થ**—વ્યવહારાદિકની શુદ્ધિ વિના જે જે ધર્મનાં કાર્ય કરે તે બધાં નિષ્ફલ થાય. કારણ અજ્ઞાન લોકો તે પુરૂષનાં વિપરીત આચરણ જોઇને ધર્મનીજ નિંદા કરે તો તેમ કરનારને અને કરાવનારને શું થાય, તે કહે છે.

॥ धम्मखिंसंकुणंताणं अप्पणो अपरस्स य
अबोही परमा होइ इइ सुत्ते विन्नासियं ॥ १ ॥

**અર્થ**—ધર્મની નિંદા કરાવનાર પુરૂષો આપણા આત્માને તેમજ બીજાના આત્માને ધર્મથી વિમુખ કરે છે ( અર્થાત્ લાંબા કાળ સુધી પણ ધર્મની પ્રાપ્તિ ન થઇ શકે તેવી રીતે બોધ બીજનો ) નાશ કરે છે. એમ જૈન સિદ્ધાંતોમાં કહેલું છે.

વળી અન્યાયનું ધન લાંબા વખત સુધી ટકી પણ શકાતું નથી. જુવો કે–

अन्यायोपार्जितं वित्तं दश वर्षाणि तिष्ठति
प्राप्ते त्वेकादशे वर्षे समूलं च विनश्यति ॥ १ ॥

**અર્થ**—અન્યાયથી મેળવેલું ધન પ્રાયે દશ વર્ષજ ટકી શકે છે. જ્યાં અગિયારમું વર્ષ થયું કે જડામૂળથી ગમે તે પ્રકારે નાશ થાય છે, પણ ટકી શકતું નથી. એવા અનેક દાખલાઓ વર્તમાન કાળમાં પણ જોવામાં આવે છે. જેમકે કન્યાવિક્રય આદિના ધનથી છેવટમાં દુઃખી થતાજ જોવામાં આવે છે. કદાચ કોઇને થોડા દિવસ સુખી દેખવામાં આવે પણ છેવટ તો દુઃખી થતાજ જોઇશું.

પ્રશ્ન—ધન ઉપાર્જન કરવામાં ન્યાયેજ વળગી રહીશું તો પછી અમારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૃહસ્થધર્મ કેવી રીતે નભી શકશે ? તેનો ઉત્તર એ છે જે ધનાદિક મેળવવામાં ન્યાય છે તેજ તમારા ગૃહસ્થધર્મનો નિભાવ કરનાર છે પણ અન્યાય કોઇ દિવસે પણ નિભાવ કરી શકશે નહીં—કહ્યું છે કે

निपानमिव मंडूकाः सरः पुर्णमिवांऽण्डजाः ॥
शुभकर्माणमायांति विवशाः सर्वसंपदः ॥ १ ॥
नोदन्वानऽर्थितामेति नचांऽम्भोभिर्न पूर्यते ॥
आत्मा तु पात्रतां नेयः पात्रमायांति संपदः ॥ २ ॥

અર્થ—જયાં પાણીનું સ્થાન હોય ત્યાં દેડકાઓ પોતાની મેળેજ આવે છે અને સરોવર હોય ત્યાં પંખિઓ પોતાની મેળે આવે છે, તેવીજ રીતે શુભ આચરણવાળાઓની પાસે સર્વ સંપદાઓ પોતાની મેળેજ આવીને મળે છે. પણ અન્યાયથી ધનાદિકની પ્રાપ્તિ કોઇ દિવસે પણ થતી નથી, એ સિદ્ધાંત છે ॥ ૧ ॥ વળી જુવો કે સમુદ્ર છે તે કોઇની પણ ઇચ્છા રાખતો નથી તો પણ સર્વ નદીઓનું પાણી તેમાંજ જઇને મળે છે. આમાં સમજવાનું એજ છે કે—આપણા આત્માને સારા ગુણોથી પાત્ર બનાવવો કે જેથી સર્વ પ્રકારની સંપદાઓ પોતાની મેળેજ આવીને મળે.

આ વિષયમાં ઘણા ભેદો દર્શાવેલા છે. પણ ટુંક વખતમાં કહી શકાય નહીં.

તાત્પર્ય એ છે જે—ગૃહસ્થાવાસ ચલાવવામાં દ્રવ્ય છે તે મુખ્ય કારણ છે, તેથી દ્રવ્યના માટે લોકો નાના પ્રકારના અન્યાયોને સેવે છે. જેમકે–દેવમંદિરોના ધનને છોડતા નથી. જોગી, સંન્યાસીઓ, લુલા લંગડા, અનાથ આદિના ધનને પણ ગુમ્મ કરી જાય છે. રાજયના દાણની પણ મોટી મોટી ચોરીઓ કરે છે તે સિવાય કદાચ પોતે ખાતર પાડવા જાય નહીં પણ ચોરોના સામીલ થઇને તેમને નાના પ્રકારથી સહાય્ય કરે તે અઢાર પ્રકારની પ્રસિદ્ધિઓથી ઓળખાય છે. આ બધાએ પ્રકારોને અન્યાયરૂપજ ગણેલા છે. એવા અન્યાયો મોક્ષમાં ગમન કરવાને યોગ્ય થએલા પુરૂષો હજારો ભવ પહેલાં પણ કરતા નથી તો પછી પરમદેવની પ્રાપ્તિને મેળવવાવાળા કેવી રીતે કરી શકે? અર્થાત્ તેવા મોટા અન્યાયો તેમનાથી બની શકે નહીં. વાસ્તે ધર્માર્થી પુરૂષોએ ન્યાયથી ધન ઉપાર્જન કરવારૂપ પ્રથમ ગુણ તો અવશ્ય મેળવવો જ જોઇએ. કારણ એ ગુણ આવ્યા પછી બીજા ગુણોને પણ ધીરે ધીરે આવી મળવાનો સંભવ છે તે માટેજ આ ગુણને પહેલો વર્ણવ્યો છે. આટલું ટુંકામાં કહીને મારા વિષયની સમાપ્તિ કરૂં છું. હવે આગે ગૃહસ્થધર્મને યોગ્ય થવાને માટે બીજા ગુણો પણ ધારણ કરવા તેનું વર્ણન કિંચિત્ કિંચિત્ અનુક્રમથી કહી બતાવીશું ॥ ઇત્યલં વિસ્તરેણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી નેમિજિન સ્તવન.

[ આવો જમાઇ પ્રાહુણ એ દેશી. ]

નિરખો નેમિજિણંદને અરિહંતાજી, રાજીમતી કર્યો ત્યાગ ભગવંતાજી;
બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો અ૦ અનુક્રમે થયા વિતરાગ. ભ૦ ૧
*ચામર ચક્ર સિંહાસન અ૦ પાદપીઠ સંયુકત; ભ૦
છત્ર ચાલે આકાશમાં અ૦ [1]દેવ દુંદુભિ વર યુત્ત. ભ૦ ૨
સહસ જોયણ ધ્વજ સોહતો અ૦ પ્રભુ આગળ ચાલંત; ભ૦
[2]કનક કમલ નવ ઉપરે અ૦ વિચરે પાય ઠવંત. ભ૦ ૩
[3]ચ્યાર મુખેં દિયે દેશના અ૦ ત્રણ ગઢ ઝાક ઝમાળ; ભ૦
કેશ રોમ શ્મશ્રુ +નખા અ૦ વાધે નહીં કોઈ કાળ ભ૦ ૪
કાંટા પણ ઉંધા હોયે અ૦ પંચ વિષય અનુકૂળ; ભ૦
ષટ્રિતુ સમકાલે ફલે, અ૦ વાયુ નહીં પ્રતિકૂલ ભ૦ ૫
પાણી સુગંધ સુર કુશુમની અ૦ વૃષ્ટિ હોય સુરસાલ; ભ૦
પંખી દીયે સુપ્રદક્ષિણા અ૦ વૃક્ષ નમે અસરાળ. ભ૦ ૬
**જિન ઉત્તમ પદ પદ્મની** અ૦ સેવા કરે સુર કોડિ; ભ૦
ચાર નિકાયના જઘન્યથી અ૦ ચૈત્ય વૃક્ષ તેમ જોડિ. ભ૦ ૭

ઇતિ.

યોજક—**મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

## અહિંસા ધર્મની પુષ્ટિ માટે પુરૂષાર્થ સિદ્ધિ ઉપાયકારે પ્રતિપાદન કરેલા પ્રમાણ વાકયો.

**( લેખક—સદ્દગુણાનુરાગી મુનિ કર્પૂરવિજયજી મહારાજ. )**

પરમ ઉપકારી શાસ્ત્રકારોએ **અહિંસા** યા **દયાનું** જે સ્વરૂપ પ્રતિપાદન કરેલું છે, તે સમ્યગ રીત્યા અવધારી જેમ બને તેમ મન, વચન અને કાયાવડે ઉકત અહિંસા ધર્મનું સેવન–આરાધન કરવા ભવ્યાત્માઓએ ઉજમાળ થાવું

---

૧ દેવ વાજીત્ર યુકત [ સહિત ] + દાઢી=મુછ

* આ સ્તવનમાં શ્રીમાને પ્રભુના દેવકૃત ૧૯ અતિશયોનું વર્ણન કરેલું જણાય છે=૧ દેવ વાજીત્ર યુકત.

૨ દેવકૃત નવ સુવર્ણ કમળ ઉપર પદન્યાસ કરતા પ્રભુ વિચરે. ૩ પ્રભુ ચ્યાર મુખે દેશના દે તેનો એ ભાવાર્થ છે કે પ્રભુ પોતે પૂર્વ દિશા સન્મુખ, સિંહાસન ઉપર સમવસરણમાં બિરાજે છે ત્યારે બીજી ત્રણ દિશાઓમાં પ્રભુ તુલ્ય ત્રણ પ્રતિ બિંબો ( અધિકારી દેવ ) કરી સ્થાપે છે તે બધા પ્રભુના અતિશયથી પ્રભુ સમાન જ પ્રતિ ભાસે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુકત છે. પરમ સુખ પ્રાપ્ત કરવા સાધનરૂપ પરમ અહિંસા રસાયણને મેળવી પછી મૂર્ખજનોનું વિરૂદ્ધ વર્તન જોઈ વ્યાકુળ થવું નહિ. અર્થાત્ હિંસા કરનારને પ્રગટ સુખશાતા વેદતા જોઈને અથવા અહિંસા ધર્મનું પાલન કરનારને દુઃખી થતા દેખી, અહિંસા ધર્મથી કદાપિ ચલાયમાન થવું નહિ. ચ્હાય તેટલી પુષ્ટિકારક દલીલો હિંસા સંબંધી કરનાર મળી આવે તો તેનાથી કદાપિ નાસીપાસ થઈ જવું નહિ. 'ભગવાને ભાખેલો ધર્મ બહુ ઝીણો છે અને ધર્મ નિમિત્તે હિંસા કરવામાં કશો દોષ નથી ' એમ ધર્મોન્ધપણે માની લઇ કદાપિ ( યજ્ઞાદિક નિમિત્તે ) પશુ વધાદિક કરવા-કરાવવા કે અનુમોદવા નહિ. કેમકે એ ( સ્વાર્થીયોનું વચન પ્રમાણ ભૂત નથી. ) ' નિશ્ચે દેવતાઓથી ધર્મ ઉત્પન્ન થયેલ છે તેથી તેમને સર્વ કંઈ અર્પણ કરવું જોઇએ ' એવી અવિવેક ભરી બુદ્ધિથી કદાપિ પ્રાણી વધ કરવો, કરાવવો કે, અનુમોદવો નહિ, કેમકે એ વચન પણ માયાદેવીની ઉપાસના કરનાર ઠગભકતોનું જ છે. ' પૂજ્ય-અતિથિ-અભ્યાગતના સત્કાર અર્થે છાગ-અજાદિકનો વધ કરવામાં કશો દોષ નથી ' એમ વિચારીને પણ પૂજ્ય-અતિથિ નિમિત્તે કદાપિ છાગાદિક પશુઓનો વધ કરવો-કરાવવો કે અનુમોદવો નહિ. ' ઘણા ક્ષુદ્ર જંતુઓનો ઘાત કરીને આજીવિકા ચલાવવા કરતાં એક મહાન પ્રાણી ( હસ્તી પ્રમુખ ) ગોવધ કરીને નિર્વાહ કરવો ઠીક છે એમ વિચારીને કદાપિ મહા પ્રાણીની હિંસા કરવી કરાવવી કે અનુમોદવી નહિ કેમકે એકેંદ્રિય રૂપ સચિત્ત અન્ન કરતાં પંચેદ્રિય જીવોનો વધ કરવા-કરાવવા કે અનુમોદવામાં અત્યંત પાપ રહેલું છે. એક મહા પ્રાણીને મારી નાખવાથી ઘણા જીવોની રક્ષા થશે એવી માન્યતાથી હિંસારી (હિંસારી) જાનવરોની પણ હિંસા કરવી નહિ કેમકે જ્યારે હિંસા કરનારનેજ એનું ફળ ભોગવવું પડે છે તો પછી આપણે શામાટે તેની હિંસા કરીને મલીન થવું જોઇએ? વળી સંસારમાં મચ્છ ગળાગળ ન્યાય પ્રવર્તી રહેલો જણાય છે. તો તેવી પરાઇ ચિંતા કયાં સુધી કરવી શકય છે?

બહુ જીવોનો ઘાત કરનારા આ વાઘ, વરૂ વિગેરે દુષ્ટ જીવો જીવતા છતા ભારે પાપ ઉપાર્જન કરે છે, એવી કલ્પિત અનુકંપા યા દયા ખાઇને પણ હિંસારી જાનવરોની જાતે હિંસા કરવી નહિ, તેમજ તે કરાવવી કે અનુમોદવી પણ નહિ'.

બહુ દુઃખથી સંતાપિત પ્રાણીઓ તેમના પ્રાણથી મુક્ત કરવા વડે તેઓ શીઘ્ર દુઃખ મુક્ત થશે એવી કુબુદ્ધિરૂપી કરવાલ (તલવાર) ને પકડી તેવા દુઃખી પ્રાણીઓને પણ હણવા-હણાવવા નહિ કેમકે એથી પણ હિંસા જનિત પાપ બંધના જ ભાગી થવાય છે. ( સર્વ જીવ જીવવાને જ વાંછે છે, મરણને કોઇ વાંછતુ નથી. ) વળી સુખની પ્રાપ્તિ દુર્લભ છે, અને સુખી પ્રાણીઓને પ્રાણ મુક્ત કરવાથી તેઓ (ફરી) સુખી જ થાય છે, એવી કુબુદ્ધિ કરવાલ પણ સુખી પ્રાણીઓના ઘાત માટે ઉઠાવવી નહિ. કેમકે એ રીતે ઘાત કરનાર તે મહા પાપનો ભાગી થાય છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખી તો સત્ય ધર્મ (અહિંસાદિક) ના સેવનથી થવાય છે, નહિ કે સુખમાં મરવા–મારવાથી (સુખી થવાય છે). એમ સમજી સુખી થવાનો ખરો રસ્તો આદરવો અને ખોટો રસ્તો તજી દેવો. લાંબા અભ્યાસથી જ્ઞાન અને સદ્ગતિ સાધન યોગ્ય સુસમાધ પ્રાપ્ત થયેલા સ્વગુરૂનું મસ્તક સુધર્મની અભિલાષાવંત શિષ્યે કાપી નાંખવું નહિં, એમ સમજીને કે આવી સારી અવસ્થામાં પ્રાણત્યાગથી ગુરૂ ઉચ્ચપદને પ્રાપ્ત થઈ શકશે. એ માન્યતા તદ્દન ભૂલ ભરેલી છે અતઃએવ તજવા યોગ્ય છે. કેમકે સત્સાધન સંપન્ન ગુરૂ સત્સાધન યોગે જ્યારે ત્યારે સારૂં જ ફળ પામી શકશે, પણ તેનું શિરચ્છેદન કરનારને તો પ્રાણપીડન જનિત હિંસાના જ ભાગી થઈ પાપબંધ ઉપરાંત બીજું કંઈ ફળ પ્રાપ્ત થશે નહિ.' (જે મુગ્ધ શિષ્યો પોતાના ગુરૂને જીવતા દાટી દઈ તેમણે સમાધિ લીધી માને છે–કહે છે તેમને પણ આ દોષ કેમ લાગુ ન પડે? જીવતા દાટ્યા પછી દાટનારના પરિણામો સારા જ ટક્યા રહે એનું પણ શું પ્રમાણ કહી શકાય?) વળી 'ખાર પટીયોની પેરે શરીર છુટી જવા માત્રથી મોક્ષ માની લઈ મુગ્ધજનોને વિશ્વાસ બેસાડવાને માટે લોભ વશ થઈ સ્વપર પ્રાણ ત્યાગ નહિં જ કરવો જોઈએ. આવી દુષ્ટ માન્યતાથી અનેક દુષ્કૃત્ય થવા સંભવિત છે. 'વળી ક્ષુધાતુર એવા કોઈ માંસભક્ષી પ્રાણીને દેખી સ્વમાંસનું દાન દેવાની ઉતાવળથી આત્મઘાત પણ નહિં કરવો જોઈએ. કેમકે એક તો એ માંસભક્ષી જીવ દાન પાત્ર નથી. બીજું માંસ દાન જ ધર્મ–શાસ્ત્ર વિરૂદ્ધ અને નિંદ્ય છે. અને ત્રીજું 'આત્મઘાતી મહા પાપી' એ પણ લોક પ્રસિદ્ધ કથન છે. એથી દેહ મમત્વ રહિત છતાં પણ સ્વમાંસદાન એવા માંસભક્ષીને દેવા ઉતાવળથી આત્મઘાત કરવો એ કેવળ અનુચિત ન્યાય વિરૂદ્ધ અને પાપ ભર્યું જ છે, એમ સિદ્ધ થાય છે. 'ન્યાય–શાસ્ત્ર વિશારદ સદ્ગુરૂઓની સેવા કરી જેણે શુદ્ધ શાસ્ત્ર રહસ્ય જાણ્યું છે, એવો વિશુદ્ધ મતિવંત મહાશય (શુદ્ધ) અહિંસાનો આશ્રય કરે છે તો પૂર્વોક્ત મોહજાળમાં કેમ જ પડે? અપિતુ નજ પડે.' '**પ્રિય, પથ્ય** અને **તથ્ય** વચન તજીને ચાડી–ચુગલીવાળું, હાસ્ય ભરેલું, વિરોધવાળું, બકવાદ જેવું તથા બીજું જે કંઈ શાસ્ત્ર વિરૂદ્ધ વચન બોલાય તે બધું નિંદ્ય લેખાય છે.' કેમકે એવાં વચનથી વસ્તુતઃ લાભ કશો થતો નથી, પણ નુકશાન તો પારાવાર થવા સંભવ રહે છે. જે વચનથી પ્રાણી વધાદિ પાપ પ્રવર્તે તે બધાં છેદન, ભેદન, મારણાદિક નિર્દેશક વચનો સદોષ હોવાથી સુજ્ઞજનોએ વર્જવા યોગ્ય છે. અરતિ યા અપ્રીતિકારી, ભીતિકારી, ખેદકારી, વૈર, શોક અને કલહકારી તથા પરને તાપકારી એવું બીજું બધું વચન **અપ્રિય** જાણવું. જે વચન વસ્તુતઃ સ્વપર હિતરૂપ નહિ થતાં ઉલટું અહિત–દુઃખરૂપ (પ્રગટ કે પરિણામે) અત્યારે કે આગળ થાય તે **અપથ્ય** જાણવું. 'વિષય–કષાયાદિ પ્રમાદવશાત્ જે કંઈ વચન સ્વપરને હાનિકારક થાય, એવું વિપરીત વદાય તેવું વચન **અપથ્ય** યા **અસત્ય** જાણવું. કિન્તુ એકાન્ત હિત બુદ્ધિથી પ્રમાદ દોષ રહિત સત શાસ્ત્રાનુસાર કંઈ ઉપદેશવામાં આવે તે સઘળું પરિણામે સુખદાયી હોવાથી સત્ય અવિતથ છે.

ઇતિશમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# विस्मयेऽपि धर्मः ?

## આશ્ચર્યથી શું ધર્મ પ્રાપ્તિ થાય છે ?

( લેખક મુનિરાજ શ્રી મણિવિજયજી મુ. લુણાવાડા. )

( પુષ્પ ૧૪ મું )

**વિસ્મય**—આશ્ચર્ય. તે આશ્ચર્ય દુનિયાને વિષે અનેક પ્રકારના છે, તેને વિષે કોઇ કોઇ પ્રકારના આશ્ચર્ય કોઇ કોઇ પ્રાણિયોને મહાલાભના હેતુભૂત શ્રીમાન્ ઇલાપુત્રના પેઠે થાય છે. કહ્યું છે કે—

**यतः—**

अग्निरूढो वंसग्गे, मुणिपवरेदट्ठुकेवलंपत्तो,
जोगिहवेस धरोविहु, तमिलापुत्तंनमंसामि ॥ १ ॥

**ભાવાર્થ**—જે નાટક કરવાને માટે વાંસના અગ્રભાગને વિષે ચડેલો ઇલાપુત્ર, ગ્રહસ્થને ઘરે આહારાદિકને ગ્રહણ કરતા, એવા મુનિ શ્રેષ્ટને દેખી ગ્રહસ્થના વેષમાં છતાં પણ જે નિશ્ચય કેવલજ્ઞાનને પામ્યા તે ઇલાપુત્રને હું નમસ્કાર કરૂં છું.

## इलापुत्र दृष्टांतो यथाः—

કોઇક ગામને વિષે કોઇક બ્રાહ્મણે ધર્મગુરૂના પાસે સ્ત્રી સહિત દિક્ષા લીધી, અને તે બન્ને જણા અરસપરસ પ્રેમ સહિત તીવ્ર તપસ્યા કરવા લાગ્યા.

તે સમયે બ્રાહ્મણી સાધવી હતી તે શુદ્ર જાતિ વિગેરેની સ્ત્રીયોની જુગુપ્સા કરતી હતી. ત્યારબાદ બન્ને જણા કાળધર્મ પામી સ્વર્ગે ગયા અને ત્યાં સુખને વિષે કાળ વ્યતિત કરવા લાગ્યા.

આ ભરતક્ષેત્રને વિષે પૃથ્વીના આભૂષણરૂપ એવું ઇલાવર્દ્ધન નામનું નગર હતું. તેને વિષે યથાર્થ નામ છે જેનું એટલે સત્યોપમાનિતા—જે માણસો તેની માનતા કરે તેની માનતા સત્ય કહેતા સાચીને સાફલ્ય થાય તેવી ઇલા નામની દેવી હતી.

તે નગરને વિષે એક શેઠીયાની સ્ત્રીને પુત્રની ઇચ્છા હોવાથી નિરંતર ઇલા દેવીની ઉપાસના—ભક્તિ કરવા લાગી.

ત્યારબાદ દેવલોકથી ચ્યવીને બ્રાહ્મણનો જીવ જે હતો તે શેઠાણીને પુત્રપણે ઉત્પન્ન થયો, તેથી માતા પિતાયે ઉત્સવ પૂર્વક તેનું નામ ઇલાપુત્ર પાડયું.

અનુક્રમે તે ઇલાપુત્ર વૃદ્ધિ પામી, કળા કૌશલ્યનો જાણ થઇ, યૌવન અવસ્થા પામ્યો. હવે સ્ત્રીનો જીવ જે હતો તે પણ સ્વર્ગથી ચ્યવીને આગલે ભવે જુગુપ્સાના કરવાથી નાટકીયાની પુત્રીપણે ઉત્પન્ન થઈ અને તે પણ યૌવન અવસ્થા પામી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્યદા તેજ નગરને વિષે તે નાટકણીને નાચતી દેખી ઈલાપુત્રને પૂર્વભવના સ્નેહથી નાટકણી ઉપર તીવ્ર રાગ–મોહ થયો. તેવીજ રીતે નાટકણીને પણ ઈલા-પુત્રને દેખી રાગ–મોહ થયો. આવી રીતે પ્રતિકૂળ જાતિના છતાં પણ પૂર્વભવના સ્નેહ વિકારથી બન્ને જણા રાગમાં રંગાણા. કહ્યું છે કે—

**यतः—**

**यंदृष्ट्वावर्द्धतेप्रीतिः, क्रोधश्च परिहीयते,**
**सविज्ञेयो मनुष्येण, एषमे पूर्व बांधवः ॥१॥**

**ભાવાર્થ**—જેને દેખી પ્રીતિ વૃદ્ધિ પામે છે, તેમજ ક્રોધ નાશ પામે છે, તે દેખી માણસોએ જાણવું કેઆ મહારો પૂર્વભવનો બાંધવ છે.

**अपिच:—**

**यंदृष्ट्वावर्द्धते क्रोधः, स्नेहश्च परिहीयते,**
**सविज्ञेयो मनुष्येण एषमे पूर्व शत्रुकः ॥ १ ॥**

**ભાવાર્થ**—જેને દેખી ક્રોધની વૃદ્ધિ થાય તેમજ સ્નેહની હાણી થાય, તેને દેખી માણસોએ જાણવું કે આ મ્હારા પૂર્વભવનો શત્રુ છે.

ધિક્ જાતિ એવી નાટકણીને વિષે પણ ઉત્તમ જાતિવાળો ઈલાપુત્ર વિષય વાસનાને વિષે ગ્રસ્ત થયો. શાસ્ત્રકારોએ સ્ત્રીયોને મહા મોહનું સ્થાન કહેલ છે.

**यतः—**

**दर्शनात् हरते चित्तं, स्पर्शनात् हरते बलं,**
**संभोगात् हरते वीर्यं, नारि प्रत्यक्ष राक्षसी ॥ १ ॥**

**ભાવાર્થ** –સ્ત્રીયોના દર્શન કરવાથીજ એટલે દેખવાથીજ દેખનારના ચિત્તને હરણ કરે છે. અર્થાત્ વિષયવાસના ઉત્પન્ન કરે છે. તથા સ્પર્શ કરવાથી પણ બળ પરાક્રમને હરણ કરી લે છે, એટલે જેમ લોહચુંબક લોખંડને આકર્ષણ કરી પોતાના તરફ ખેંચે છે તેમજ સ્ત્રીયોને સ્પર્શ કરવાથી સ્પર્શ કરનાર પ્રાણીના પરાક્રમને સ્ત્રી તત્કાળ હરણ કરી લે છે, તેના સાથે મૈથુનાદિકના સેવનથી વીર્યને પણ હરણ કરી લે છે, જે માટે શાસ્ત્રકારોએ સ્ત્રીને પ્રત્યક્ષ રાક્ષસણીની ઉપમા આપી છે. તે યથાર્થ બરાબર લાયક છે; કારણ કે, રાક્ષસણીને જે માણસ દેખે છે, તેનું ચિત્ત મુંજાઈ જાય છે. અને ભક્ષણ કરવા માટે જેવી સ્પર્શ કરે તેવોજ માણસ પરાક્રમથી હીન થઈ નિસ્તેજ થઈ જાય છે. વળી પણ વ્યંતરીયોની જાતિ થાય છે તે રખડતી હોઇ ને મનુષ્યોની નજરે પડે તો તેને વિષયવાસનામાં લલચાવી તેના સાથે મૈથુન સેવી, તેનું કાળજું ઉતરડી ખાવા સમર્થમાન્ થાય છે, તેમ સ્ત્રી પણ એવીજ સમજવી. અર્થાત્ પ્રાણને નાશ કરવાવાળી થાય છે. વળી પણ કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यतः—

मदिरा तो गुण ज्येष्ठा, लोकद्वय विरोधिनी;
कुरुते दृष्ट मात्राऽपि, महिला ग्रथिलं जगत् ॥ १ ॥

**ભાવાર્થ**—મદિરા કહેતા દારૂના ગુણ કરતા પણ જેને વિષે વિશેષપણું રહેલું છે, અર્થાત્ મદિરા કરતાં પણ કેફ તથા ઉન્મત્તપણું જેને વિષે ઘણુંજ રહેલું છે, એવી સ્ત્રી જે છે તે ઇહિલોક તથા પરલોક બન્નેને વિરોધ કરવાવાળી છે.–બન્ને ભવને બગાડવાવાળી છે. જેમ મદિરાપાન કરનાર માણસ ગાંડો થઈ ઇહલોકને બગાડે છે, તેમજ પરલોકને વિષે દુર્ગતિમાં જઈ પડે છે, તેમજ સ્ત્રી પણ આ ભવ તેમજ પરભવમાં પણ દુર્ગતિ આપવાવાળી છે. મદિરાનું પાન કરી માણસ ગાંડો થઈ જાય તેમાં આશ્ચર્ય નથી, કારણ કે તે કેફી વસ્તુ છે, પરંતુ મહા આશ્ચર્યની વાત તો એ છે કે સ્ત્રી તો પોતે દેખનાર જગત્‌ને દેખતા વારજ ગાંડુ બનાવી દે છે, તેથીજ સ્ત્રીને મદિરા કરતા વિશેષ કેફવાળી કહેલી છે. અર્થાત્ સ્ત્રીયોના મોહપાશમાં સર્વ જગત્ જકડાઈ જાય છે.

अथवा

मुंडं शिरोवदनमेतदनिष्टगंधं, भिक्षाटनेन भरणं चहतोदरस्य,
गात्रं मलेन मलिनं गत सर्व शोभं, चित्रं तथापि मनसोमदनेऽपिवांछा ॥१॥

**ભાવાર્થ**—કામની બલિહારી છે, કારણ કે જે વિવિધ પ્રકારના ભોજન કરનારાના, નાના પ્રકારના વસ્ત્રાલંકારને ધારણ કરનારાના, પુષ્પગંધ માલ્યાદિકના શોખીનોના તેમજ ઇંદ્રિયો પ્રબલ હોય તેના મનને વિષે તો વિષય વાંચ્છના ઉત્પન્ન કરે છે તે તો યોગ્ય જ છે, કારણકે ઉપરના તમામ વિકારને જ કરનારા છે, પરંતુ ત્યાગીયોના મનને વિષે પણ વિષયવાંચ્છના થાય છે, તેજ આશ્ચર્ય છે. જેમકે મસ્તક મુંડન કરાવ્યું હોય, વદન કહેતા મુખ દુર્ગંધથી ભરેલું હોય તેમજ ભિક્ષા ફરવાથી અંતપ્રાંત, લુખો સુકો આહાર કરવાથી જેનું ઉદર પાતાળમાં પેશી ગયું હોય, શરીર પણ મળ વડે કરી મહા મલીન હોય તો પણ તેવા ત્યાગીઓના ચિત્તને વિષે વિષયવાંચ્છના થાય છે તેજ આશ્ચર્ય છે.

પુરૂષો કામી હોય તે ધૈર્યને ધારણ કરી શકતા નથી. કહ્યું છે કે સ્ત્રીને નહીં દેખેલી હોય તો દેખવાની ઇચ્છા કરે છે અને દેખ્યા પછી આલિંગન કરવાની અભિલાષા કરે છે, આલીંગન કર્યા પછી અભેદપણાને કહેતા અન્યોન્યપણાથી પૃથક્ ન થવાય તેવી અભિલાષાને કરે છે, પણ સંબંધ થકી મુક્ત થવાની ઇચ્છાને કરતા નથી. અરસપરસ સ્ત્રી પુરૂષો લપટાય છે, તેમાં કાંઇ આશ્ચર્ય નથી, પરંતુ સ્ત્રીયો તો પુરૂષોને કેવળ ઉન્મત્ત જ બનાવે છે, કહ્યું છે કેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यतः—

सन्मार्गे तावदास्तेप्रभवतिहिनरस्ताव देवेंद्रियाणां,
लज्जांतावद्धि धत्तेविनयमपिसमालंबतेतावदेव,
भ्रूचापाकृष्ट मुक्ताः श्रवणपथगतानीलपक्ष्माणएते,
यावल्लीलावतीनांनहृदिधृतिमुषोदृष्टिबाणाःपतंति. ॥ १ ॥

**ભાવાર્થ**—ભ્રકુટીરૂપી ધનુષ્યથી આકર્ષણ કરીને–ખેંચીને મૂકેલા એવા તથા કાનપર્યંત પહોંચેલા એવા તથા ધૈર્યવંતના ધૈર્યને પણ નાશ કરનારા એવા સ્ત્રીયોના દૃષ્ટિરૂપી બાણો જ્યાંસુધી પડતા નથી, ત્યાંસુધી જ પ્રાણીયો સદ્માર્ગમાં હોય છે, તેમજ ઇંદ્રિયોને પણ ત્યાંસુધી જ દમન કરે છે, તેમજ લજ્જા પણ ત્યાંસુધી જ ધારણ કરે છે તેમજ વિનયને પણ ત્યાંસુધી જ આલંબન કરે છે, પરંતુ સ્ત્રીયોના દૃષ્ટિબાણની સન્મુખ આવ્યો એટલે ઉપરોક્ત સર્વે ગુણો નાશને પામી જાય છે. કહેવાનો સાર એ છે કે સ્ત્રીયો જે પુરૂષો પ્રત્યે પોતાના દૃષ્ટિ બાણો ફેંકે છે, તે પુરૂષોના વિનય, વિવેક, ધૈર્ય, મતિ–બુદ્ધિ, પરાક્રમ સર્વે હણાઇ જાય છે. કેવળ સ્ત્રીયોને જ દેખી તેના પાશને વિષે બંધાઇ જાય છે.

સર્વ જગત્ સ્ત્રીના મોહપાશને વિષે બંધાઈ જાય છે અને પોતાનો માર્ગ ભુલી જાય છે, તો જેને પૂર્વ ભવનો સંપૂર્ણ સ્નેહ રહેલો છે, એવા ઉત્તમ કુળને વિષે ઉત્પન્ન થયેલો પણ ઇલાપુત્ર નાટકણીને દેખી મોહ પામે તેમાં કાંઇ આશ્ચર્ય નથી. નાટકણીને વિષે તિવ્ર અભિલાષાવાલા ઇલાપુત્રે પોતાના મિત્રો પાસે ઘણી જ લક્ષ્મી નાટકીયાને આપી તેની પુત્રીની માંગણી કરી, તેમજ ભારોભાર સુવર્ણ તોલીને આપવાનું કહેવરાવ્યું, તો પણ નાટકીયાએ પોતાની પુત્રી આપી નહિ. પરંતુ વારંવાર માંગણી કરાવવાથી નાટકીયો બોલ્યો કે, અમારી પુત્રી નાટકણી અમારે ક્ષય વિનાના નિધાન સમાન છે, તેણીને અમે કોઇ પણ રીતે આપવાના નથી, છતાં પણ જો તે નાટકણીનો ખપ હોય તો અમારા ટોળામાં ભળી જઈ, નાટકની કળા શીખી કોઇ શેઠ–શાહુકાર રાજાને પોતાની કળા થકી રંજન કરી લક્ષ્મી ઉપાર્જન કરે તોજ આ નાટકણી અમે તેને આપીશું, સિવાય નહીં.

મિત્રના મુખથી આવા સમાચાર સાંભળી જેની બુદ્ધિ સર્વથા નાશપણાને પામી છે, એવા ઇલાપુત્રને તેમના માતાપિતા ઉત્તમ ઉત્તમ રૂપલાવણ્ય યુક્ત દેવાંગના સમાન ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલી કન્યાને પરણાવતા છતાં પણ નાટકણીને વિષે જેનું મન ભ્રમિભૂત થયું છે, એવો ઇલાપુત્ર કુલ મર્યાદા લોકોપવાદ, માતા–પિતા તથા સજ્જનોની હિતશિક્ષાને તેમજ ધર્મબુદ્ધિને ત્યાગ કરી, ઘરબાર રિદ્ધિ છોડી, તત્કાળ નાટકીયાના ટોળામાં ભળ્યો, અને થોડા જ વખતમાં નટડાની સમગ્ર કળાને શીખી નાટકણીના પાણિગ્રહણ કરવા માટે, લક્ષ્મી મેળવવા બેનાતટ નગરે જઇ ત્યાંના રાજા પાસે પોતાનું નાટક જોવા યાચના કરવા લાગ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજાએ પણ તે કબૂલ કર્યું. ત્યારબાદ આજે ઇલાપુત્ર નાટક કરવાનો છે, એવું જાણી સમગ્ર અંતઃપુર સહિત તેમજ નગરના ઘણા લોકોના પરિવાર સહિત ઇલાપુત્રનું નાટક જોવા રાજા તૈયાર થયો.

તે સમયને વિષે ઇલાપુત્રે એક મહાવંશ કહેતાં વાંસ ઉભો કર્યો, તેના ઉપર ફલક કહેતાં પાટીયું મૂક્યું, તે પાટીયાના મધ્ય ભાગને વિષે બે બે ખીલીયો જડી, તેના ઉપર ઉંચે પ્રકારે વિવિધ પ્રકારની કળાથી ઇલાપુત્ર નાચવા લાગ્યો; તે એવી રીતે કે, જેમ પૈસાપાત્રના મોટા મોટા મહેલો હોય તે મહેલના શિખર ઉપર શોભાને માટે મયૂરો રાખેલા હોય અને પવનના લાગવાથી તે જેમ નાચે તેમ ઇલાપુત્ર નાચવા લાગ્યો.

નીચે નાટકીયાની પુત્રી તે પણ ગાયન કરનારના સમૂહની સાથે ઢોલને વગાડતી, વિવિધ પ્રકારે ગાનતાન આપી ઇલાપુત્રની કળાને વિષે કુશળતા મેળવવા તેમજ પોતાની મનકામના પૂર્ણ કરવા માટે શૌર્ય ચડાવવા લાગી અને તે મનોહરગાન તાન કરી સભાજનોના મન રંજન કરવા લાગી.

ઇલાપુત્ર પણ છિદ્રવાળી પાદુકા પગમાં પહેરી, હસ્તને વિષે ખડગ તેમજ ઢાલને લઇ ગગનમંડળને વિષે ઉડી ઉડીને અપ્રમત્ત કહેતા પ્રમાદ વર્જિત એવો સાત સાત વાર આગળ પાછળના પાટીયાના મધ્યે ખીલીયોમાં પાવડીયો ભરાવવા લાગ્યો.

આવી રીતે નાટક દેખી સમગ્ર સભા રંજન પામી દાન આપવાની ઇચ્છા કરવા લાગી, પરંતુ પ્રથમ રાજાયે આપ્યા સિવાય અમારાથી કેમ અપાય એવું જાણી રાજા દાન આપે તેની સભા રાહ જોવા લાગી.

નાટક કરી ઇલાપુત્ર રાજા પાસે દાન લેવા આવ્યો, પણ નાટકણીને વિષે રાજાનું મન લુબ્ધ થવાથી બોલ્યો કે, મેં બરાબર જોયું નથી. ફરીથી કર, તેથી ઇલાપુત્ર પૈસાની ઇચ્છાથી નાટક ફરીથી કરવા લાગ્યો. તે વખતે રાજા વિચાર કરવા લાગ્યો કે આ ઇલાપુત્ર મરે તો નટડી મ્હારે હાથ આવે. તેથી રાજા ઇલાપુત્રનું મરણ ચિંતવવા લાગ્યો.

આવી રીતે બે ત્રણ વાર પણ નાટક કર્યા છતાં રાજાયે બરાબર નહિ દેખ્યાના બહાના કાઢી જ્યારે દાન આપ્યું નહિ, ત્યારે ઇલાપુત્ર, નટડી તેમજ સભા વર્ગના સમજવામાં આવ્યું કે નિશ્ચય રાજાની બુદ્ધિ નટડીને ગ્રહણ કરવાની થઇ છે અને ઇલાપુત્રનું મરણ ઇચ્છે છે. આવું જાણી અંતરથી સભાજનો બોલ્યા વિનાજ મુંગે મોઢે સંકલ્પ વિકલ્પથી ફિટકાર આપવા લાગ્યા. ઇલાપુત્ર પણ પૈસાની ઇચ્છાથી તેમજ નાટકણીએ ઉત્સાહ કરાવવાથી ફરીથી પણ વંશના અગ્રભાગને વિષે ચડયો અને નાચવા લાગ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સમયે નજીક ભાગમાં રહેલ એવા કોઈક ગ્રહસ્થના ઘરને વિષે રૂપલાવણ્યના સમુદ્ર સમાન સુંદર યૌવન અવસ્થાવાળી તેમજ નેત્રોને ચોતરફ ચંચળતાથી ફેલાવતી, મધુર વચનોનો વરસાદ વરસાવતી સાક્ષાત્ દેવાંગના સદ્રશી એવી કોઈ સ્ત્રી કોઈક સાધુને આહાર વહોરાવવા લાગી. તે સમયે તે સાધુ પણ પોતાના નાસાવંશ ઉપર દૃષ્ટિ રાખી ફક્ત પિંડ કહેતા આહારના અગ્રભાગ ઉપરજ કાંઈક મંદ દૃષ્ટિ રાખી આહાર ગ્રહણ કરવા લાગ્યા, તેને જોઈ ઈલાપુત્ર વિચાર કરવા લાગ્યો કે—અહો ! અહો ! આ મુનિરાજને ધન્ય છે, કે જે આવી દેવાંગના સમાન સ્ત્રીના ઉપર પોતાની દૃષ્ટિ પણ નાખતા નથી. ખરેખર મુનિયોનો માર્ગ આહાર ગ્રહણુ કરવાનો વીતરાગ મહારાજે આવી રીતેજ કહેલો છે. કહ્યું છે કે—

## यतः—

काचिच्चंद्रमुखी समेति सकलालंकारजारान्विता,
दूरान्वेषण कारितर्णक कृते कृत्वान्नपिंडं करे;
पिंडीमात्रमवेक्षते सहियथा रूपादिनो रागदृग्,
दृष्टांतो कथितोऽयमेव यतिनां जक्तैषणादौ जिनैः ॥१॥

**ભાવાર્થ**—સર્વ વસ્ત્રાલંકારના સમૂહુથી યુક્ત થઈ કોઈ ચંદ્રમાના સમાન મુખવાલી સ્ત્રી અન્નપિંડને હસ્તકમળમાં ગ્રહણ કરી, દુર થકી શોધતો એવો તર્ણક કહેતાં ગાયનો વાછડો અથવા લઘુ બાળક તેને ખવરાવવા આવે છે. તો વાછડાને તેમજ બાળકને તે અન્નપિંડ વલ્લભ હોવાથી તેના જ એટલે પિંડના ઉપર જ દૃષ્ટિને નાંખે છે, પણ રૂપાદિકને વિષે દૃષ્ટિ નાખતો નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે ક્ષુધા લાગવાથી સ્ત્રીના રૂપાદિક ઉપર દૃષ્ટિપાત કરવો છોડી દઈ કેવળ પિંડને જ દેખે છે, તેવીજ રીતે ત્યાગીઓને પણ શ્રી વીતરાગ મહારાજે આહાર-પાણિ ગ્રહણ કરવાનું આજ દૃષ્ટાંત કહેલ છે. અર્થાત ત્યાગીઓ પણ અન્નપિંડના ઉપર દૃષ્ટિ રાખી ગ્રહણ કરી ચાલ્યા જાય છે, પણ સ્ત્રીના સન્મુખ જોવે નહીં; તેજ ખરેખર ત્યાગી કહેવાય છે. વળી પણ વિચાર કરે છે કે—

## यतः—

यस्ययन्नास्तिरुचितं, न तत्र तस्यस्पृहामनोज्ञेऽपि,
रमणीयेऽपि सुधांशौ, ननामकामः सरोजिन्याः ॥ १ ॥

**ભાવાર્થ**-જેને જે જે રૂચતું નથી તેને તે તે મનોહર હોય તોપણ તેની સ્પૃહા કહેતા ઈચ્છા થતી નથી. કારણકે મનોહર એવો પણ ચંદ્રમા છે તો પણ કમલિને તેનું કાંઈ પણ પ્રયોજન નથી, કારણકે સૂર્ય વિકાશિની કમલીની સૂર્યનો ઉદય થાય ત્યારે જ પ્રફુલ્લિત થાય છે, અને સૂર્યના અસ્ત થવાથી પોતે પણ બીડાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જઈ સંકોચપણાને પામે છે. અને શીતળ તથા મનોહર ચંદ્રમાને ઉદય થાય તો પણ વિકસ્વર થતી નથી, કારણકે તેનું કાંઈપણ પ્રયોજન નથી.

તેમજ ત્યાગીઓ પણ ગમે તેવી સ્ત્રી રૂપાદિકથી ભરપૂર હોય તોપણ તેનું પ્રયોજન કાંઈ પણ નહિ હોવાથી સ્ત્રીની ઈચ્છા પણ કરતા નથી, તેમ સન્મુખ પણ જોતા નથી. આવી રીતે વૈરાગ્ય રંગિત થઇ વળી પણ ચિંતવના કરવા લાગ્યો.

यतः—

एकोरागिषुराजते प्रियतमा देहार्धधारी हरो,
नीरागिषुजिनो विमुक्त ललना संगो न यस्मात्परः
दुर्व्वारस्मरवाणपन्नग विषासक्तश्च मुग्धोजनः,
शेषः कामविडंबितो हि वीषयान् भोक्तुं न मोक्तुं क्षमः ॥ १ ॥

**ભાવાર્થ**—રાગીયોને વિષે શિરોમણિ એવો હર કહેતા મહાદેવ, તે પોતાની સ્ત્રી પાર્વતીયે જેનું અંગ અર્ધ સુશોભિત કરેલું છે, એટલે શિવના અંક કહેતાં ખોળામાં પાર્વતી બેઠેલી છે, તેથી શિવનું અર્ધ શરીર રોકાયેલું છે, એવો મહાદેવ રાગિયોને વિષે ફક્ત એકલોજ શોભે છે. અર્થાત મહા રાગી છે, તેમજ જેણે મન, વચન, કાયાના યોગથી લલના કહેતા સ્ત્રીના સંગને ત્યાગ કરેલ છે, તે નિરાગીને વિશે શિરોમણિ એક જ જિનેશ્વર મહારાજ શોભે છે. અર્થાત્ જેવી રીતે જિનેશ્વર મહારાજે રાગ તથા કામને જીતેલા છે, તેવી રીતે બીજા કોઇયે જીતેલા નથી. માટે નીરાગી તો **જિનેશ્વર મહારાજ** એકજ છે; બાકી દુઃખે કરીને વારણ કરી શકાય એવા કામ બાણરૂપી **સર્પ**ના વિષના આવેશમાં આસક્ત થયેલો એવા ભોળાજન—સ્ત્રીરક્તજન—લોક સમુદાય તે કામથી વિડંબના પામી વિષયોને ભોગવવા તેમજ ત્યાગ કરવા સમર્થમાન થતો નથી. કેવળ અધ્ધરજ લટકી રહે છે.

ઇલાપુત્ર વિચાર કરે છે કે ધન્ય છે ! આ મહાત્માને, કે જે મદનમંદિર કહેતા ઘરના સમાન એવી આ સ્ત્રી છે તેના સન્મુખ પણ આ મુનિ જોતા નથી, તો વિષયની ઇચ્છા તો કયાંથીજ હોય ! ધન્ય છે ! આ મહાત્માને ! અહો ! અહો ! કયાં આ નિર્વિષયી મહાત્મા અને કયાં હું વિષયી પાપી જીવડો ! ખરેખર મહારૂં સ્વરૂપ મહા ખરાબમાં ખરાબ છે. કહ્યું છે કે—

यतः—

अजानन् दाहात्म्यं पतति शलभस्तीव्रदहने,
समीनोप्यज्ञा द्वडिशयुतम श्राति पिशितं ,
विजानंतोप्येते वयमिहविपज्जालजटिला,
न मुंचामः कामा न हहगहनो मोह महिमा ॥१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—પતગીયો એમ જાણતો નથી કે હું અગ્નિને વિષે પડીશ તો મરણ પામીશ, તેથી અજાણ એવો પતંગીયો અગ્નિને વિષે પડી મરણ પામે છે. મીન કહેતા મત્સ્ય જે છે તે પણ વડિશ એટલે મત્સ્યને પકડવાનો લોખંડનો કાંટો, તેને વિષે માંસને અથવા પિષ્ટ કહેતા લોટને સ્થાપન કરી પાણીને વિષે ધીવરો નાંખે છે. તેનું ભક્ષણ કરવા માટે મત્સ્ય આવે છે ને વડિશને પોતાનું મુખ લગાડવાથી તત્કાળ વિંધાઇ જઇ લોખંડના આંકડાને વિષે અજાણતા જ મીન પકડાઈ જઈ મરણને પામે છે; અર્થાત્ તે તો અજાણતા મૃત્યુને પામે છે, પરંતુ અમે તો જાણતા છતાં આપત્તિના સમૂહવડે કરી વ્યાપ્ત થયેલા કામોને–વિષયોને મુકી શકતા નથી. તો અહાહા !!! ઇતિ ખેદે મોહનો મહિમા મહા–ગહન કહેતાં ગંભીર રહેલો છે.

ઇત્યાદિક ચિંતવના કરતા, વૈરાગ્યમાં તિવ્રભાવિત થઈ સંસારની અસારતાને ચિંતવતા, વિષયવાસનાને તિરસ્કાર કરતા, શુભ અધ્યવસાયને ધારણ કરતા, શુકલધ્યાનમાં વર્ત્તતા, ક્ષપકશ્રેણિ ઉપર આરોહણ થઇ ઇલાપુત્ર વંશ ઉપર જ કેવળજ્ઞાન પામ્યા.

તેજ સમયે રાજાએ પણ સભા લોકોના મુખથી પોતાની નીંદા શ્રવણ કરી મનમાં લજ્જાને પામી વૈરાગ્ય ભાવના ભાવવાથી કેવળજ્ઞાન પામ્યા. તેમજ રાણી તથા નાટકણી પણ ઉત્તમ ભાવના ભાવતા કેવળજ્ઞાનને પામ્યા. ત્યારબાદ આસન વ્યંતર દેવતાએ ચ્યારે કેવળજ્ઞાનીઓને સાધુમહારાજનો વેશ આપ્યો.

ઈલાપુત્રને જે વંશના અગ્રભાગ ઉપર કેવલજ્ઞાન થયેલું હતું ત્યાં વ્યંતર દેવોયે સુવર્ણનું સિંહાસન કર્યું.

તે સુવર્ણ સિંહાસન ઉપર બેસી **ઇલાપુત્ર કેવળજ્ઞાની મહારાજે** ધર્મદેશના આપી. તે દેશનાના શ્રવણ કરવાથી કોઇકે દિક્ષા, કોઇકે બાર વ્રત તથા કોઇકે સમ્યક્ત્વ વિગેરે ઉપાર્જન કર્યું. અને ઘણા જ લોકો બોધને પામ્યા.

ઇલાપુત્ર કેવલજ્ઞાની મહારાજ પણ ભૂમિમંડલના ઉપર વિચરી ઘણા ભવ્ય જનોનો પ્રબોધ કરી શિવશય્યાને વિષે આરૂઢ થયા.

**इति विस्मये इलापुत्र संबंधः संपूर्णः**

# ગ્રંથાવલોકન.

**શ્રી પર્યુષણા મહાપર્વ મહાત્મ્ય.** નામનો ગ્રંથ શ્રીમદ્ યશોવિજયજી પાઠશાળા મહેસાણા તરફથી અમોને ભેટ મળેલ છે. પર્યુષણ પર્વ એ લોકોત્તર પર્વ હોવાથી જ્યાં કલ્પસૂત્ર વગેરે શાસ્ત્ર શ્રવણનો સદ્ગુરૂનો યોગ ન હોય ત્યાં પણ તેવો યોગ બની શકે એવા હેતુથી આ ગ્રંથની યો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જના પરમ કૃપાળુ મુનિરાજ **શ્રી કપૂરવિજયજી મહારાજે** કરી છે. ઉક્ત મહાત્માના લેખો સરલ અને સુબોધક હોઇ જૈન--જન સમાજને રૂચીકર થઇ પડયા છે તે નિસંદેહ વાત છે. આ ગ્રંથ પણ તેવોજ ઉપકારી છે. આ ગ્રંથમાં પર્યુષણ પર્વના બધા વ્યાખ્યાનોનો [ આઠે દિવસના ] સમાવેશ કરવામાં આવ્યો છે. અષ્ટાન્હિક વ્યાખ્યાન, કલ્પધરથી માંડી ચાર દિવસના આઠ વ્યાખ્યાન અને છેલ્લા દિવસના બારસેં સૂત્રની પેરે મૂળ ગ્રંથની સંપૂર્ણ ઢાળો એક સાથે નવમા વ્યાખ્યાન તરીકે આપવામાં આવેલ છે. આ કલ્પસૂત્રનો પરમાર્થ શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ સજ્ઝાયના રૂપમાં ઉતારેલ છે અને તેના ઉપર શ્રી ઉદયસાગરગણિનો બનાવેલ બાળાવબોધ છે. તેમાં દ્રષ્ટિગત આવતી ખામીઓ બની શકતી દૂર કરીને તેનો પુનરૂદ્ધાર આ ગ્રંથમાં ઉક્ત મહાત્મા શ્રી કર્પૂરવિજયજી મહારાજે કરેલ છે, સાથે વળી તેને લગતા મહાવીર પ્રભુનું પંચકલ્યાણકનું સ્તવન, પાંચવધાવા સાથે આપેલા છે, વધારામાં યશોવિજયાષ્ટક, ગુરૂપ્રદક્ષિણા, સાધુયોગ્ય નિયમ, પુણ્ય, દાન, શીલ, તપ અને ભાવ કુલકો, તત્ત્વવિચારો, પાંચ મહાવ્રતોની રક્ષા અને પુષ્ટિ યોગ્ય ભાવનાઓ, પાર્શ્વજિન સ્તવન વગેરે વિષયો આપી વસ્તુસંકળના સારી કરી એક ઉપયોગી ગ્રંથ બનાવ્યો છે. ઉક્ત ગ્રંથ પ્રસિદ્ધ કર્ત્તા શ્રી યશોવિજયજી પાઠશાળા મહેસાણા છે, જે પ્રયાસ તેઓનો સ્તુતિપાત્ર છે. આ ગ્રંથ દરેક વસ્તીવાળા ગામોમાં ભેટરૂપે આપવા અને વ્યક્તિગત જોઇએ તો આઠ આનાની કિંમતથી આપવામાં આવે છે. દરેક જૈન બંધુઓને પોતાને મળેલ ઉત્તમ લક્ષ્મીનો આવા જ્ઞાનોદ્ધારના કાર્યમાં વ્યય કરવા સુચના કરીએ છીએ.

## ઉપકાર.

**શ્રી આત્મવિલાસ સ્તવનાવળી.** જેમાં જગદ્વિખ્યાત મહોપકારી ન્યાયાંભોનિધિ **શ્રી વિજયાનંદ સૂરીશ્વર** [આત્મારામજી મહારાજ] કૃત ચોવીશી, ભાવના અને સ્તવનો તેમજ શ્રીમાન્ મહોપાધ્યાય **શ્રી વીરવિજયજી મહારાજ કૃત** સ્તવનો જે કે ઘણાંજ સરલ, સુંદર, રસદાયક અને ભાવોલ્લાસ કરનાર છે, તે ગ્રંથ કલકત્તા નિવાસી શેઠ સુમેરમલજી સુરાણા તરફથી પ્રસિદ્ધ થયેલ છે, તે ઉક્ત ઉપાધ્યાયજી મહારાજના ઉપદેશાનુસાર આ સભાના માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ આપવા માટે અમોને મળેલ છે, તેમજ

**શ્રી ભક્તિભાવના પ્રકાશ** જેમાં શ્રીમદ્ દેવચંદજી મહારાજ કૃત સ્નાત્ર સંપૂર્ણ વિધિ સહિત, તેમજ શ્રીમદ્ રૂપવિજયજી મહારાજ કૃત પંચકલ્યાણની પૂજા, પુણ્ય પ્રકાશનું સ્તવન અને વિવિધ વચનામૃતો જેવા અપૂર્વ વિષયો આવેલા છે. જે ગ્રંથ શેઠ **રતનજી વીરજીના** સ્મરણાર્થે તેમના સુપુત્રોએ આ સભાના માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ આપવા માટે અમોને સુપ્રત કરેલ છે જેથી તે બંને ગ્રહસ્થોનો આભાર માનવામાં આવે છે.

## એક સુધારો.

ગયા માશના અંકમાં પા. ૭૬ મેં અઢાર પાપ સ્થાનકના દશમા રાગના પદ્યમાં બીજી કડીના બીજા પદમાં " શ્રુતિનિધિ નંદિષેણજી, રાગેથી કોશ્યા કર ચડયા " આમ તેના લેખક વળાનિવાસી દુર્લભજી ગુલાબચંદે જણાવેલ છે. તે બરાબર નથી, કારણ કોશ્યા નામની વેશ્યાને ઘેર તો સ્થૂલિભદ્રજી રહ્યા હતા જેથી નંદિષેણજી વેશ્યાને ત્યાં રહ્યા હતા તેને બદલ લેખકે વેશ્યાનો અર્થ કોશ્યા કરેલ છે જે ખોટું છે કારણ કે કોશ્યાનો અર્થ વેશ્યા થતું નથી. જેથી ત્યાં વેશ્યા એમ સમજવું.

For Private And Personal Use Only